રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત

TAT

વિભાગ-1

લેટેસ્ટ એડીશન 2026

ધોરણ ૯ થી ૧૨ માં શિક્ષક બનવા માટે

- શિક્ષણની ફિલસૂફી
- વર્ગવ્યવહાર અને મૂલ્યાંકન
- શૈક્ષણિક મનોવિજ્ઞાન
- તાર્કિક અભિયોગ્યતા
- સામાન્ય જ્ઞાન
- ગુજરાતી ભાષા
- અંગ્રેજી ભાષા



અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નપત્રો

નોલેજ પાવર

સંપાદન : નોલેજ પાવર પ્રકાશન

અનુક્રમણિકા

વિભાગ - બ શિક્ષક અભિયોગ્યતા

શિક્ષણની ફિલસૂફી

કેળવણી નો અર્થ ૧૭
કેળવણીની વ્યાખ્યાઓ ૧૯
કેળવણીના હેતુઓ ૨૦

કેળવણીના સ્વરૂપો

ઔપચારિક કેળવણી ૨૨
અનૌચારિક કેળવણી ૨૩
નિરંતર કેળવણી ૨૩
અવૈધિક કેળવણી ૨૪
આજીવન કેળવણી ૨૪
દૂરવર્તી શિક્ષણ ૨૪

શિક્ષણની વિચારધારાઓ

આદર્શવાદ ૨૮
પ્રકૃતિવાદ ૨૯
વ્યવહારવાદ ૩૦

શૈક્ષણિક નિયમો - અધિનિયમો

RTE એક્ટ - ૨૦૦૯ ૩૨
RTE નિયમો - ૨૦૧૨ ૩૫
NCF - ૨૦૦૫ ૩૮
શૈક્ષણિક સંસ્થાઓ ૩૯

શૈક્ષણિક પંચો - સમિતિઓ

યુનિવર્સિટી શિક્ષણ પંચ - ૧૯૪૮ ૪૮
માધ્યમિક શિક્ષણ પંચ - ૧૯૫૨ ૪૯
રાષ્ટ્રીય શિક્ષણ પંચ - ૧૯૫૪ ૫૦
ઈશ્વરભાઈ પટેલ સમિતિ ૫૩
રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૧૯૮૬ ૫૩
આચાર્ય રામમૂર્તિ સમિતિ ૫૬
નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ૫૭
સમગ્ર શિક્ષા અભિયાન ૬૮
બંધારણમાં શૈક્ષણિક જોગવાઈઓ ૬૯
NAS ૭૦
વિદ્યા સમીક્ષા કેન્દ્ર ૭૨
ગુણોત્સવ ૨.૦ ૭૩

વર્ગ વ્યવહાર

વર્ગ વ્યવહારના ઘટકો ૭૪
વર્ગ વ્યવહારને અસર કરતા પરિબળો ૭૫
પ્રત્યાયન ૭૬
વ્યવસાયિક સક્ષમતા ૭૯
અધ્યાપનના સૂત્રો ૮૨
ક્રિયાત્મક સંશોધન ૮૪
શિક્ષણમાં ટેકનોલોજી ૮૭
DIKSHA ૮૮
શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન ૮૯
બેન્જામિન બ્લૂમ ૧૦૧
શૈક્ષણિક આંકડાશાસ્ત્ર ૧૦૩
મૂલ્યાંકન પ્રવિધિઓ ૧૦૫

શૈક્ષણિક મનોવિજ્ઞાન

શિક્ષણમાં મનોવિજ્ઞાન ૧૦૭
શૈક્ષણિક મનોવિજ્ઞાનનુ સ્વરૂપ ૧૧૦
બચાવ પ્રયુક્તિઓ ૧૧૪

અધ્યયન

અધ્યયનના સિદ્ધાંતો ૧૧૯
શાસ્ત્રીય અભિસંધાન ૧૨૦
કારક અભિસંધાન ૧૨૦
પ્રયત્ન અને ભૂલ દ્વારા અધ્યયન ૧૨૩
આંતરસૂઝ દ્વારા અધ્યયન ૧૨૦
અધ્યયન સંક્રમણ ૧૨૬
વ્યક્તિત્વ ૧૨૯
વ્યક્તિત્વ માપન ૧૩૨
બુદ્ધિ ૧૩૬
મનોવલણ ૧૪૧
પ્રેરણા ૧૪૬
આવેગ ૧૪૮
શૈ. મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ ૧૫૦
તરુણાવસ્થા ૧૫૭
વૃદ્ધિ અને વિકાસ ૧૬૩
વૈયક્તિક ભિન્નતા ૧૭૩
વિશિષ્ટ બાળકો ૧૭૯
એડગર ડેઈલનો અનુભવ શંકુ ૧૮૭
અભિયોગ્યતા ૧૮૮
શૈ. અભિયોગ્યતાના MCQ પ્રશ્નો ૧૯૦

વિભાગ - ક તાર્કિક અભિયોગ્યતા

લોહીનો સંબંધ	૨૦૯
દિશા અને અંતર	૨૧૮
શ્રેણી	૨૨૬
સમસંબંધ	૨૨૮
પદાનુક્રમ ગોઠવણી	૨૨૯
શબ્દ કસોટી	૨૩૦
કેલેન્ડર	૨૩૧
સાંકેતિક ભાષા	૨૩૬
કોડિંગ- ડીકોડિંગ	૨૩૭
ખૂટતો અંક શોધવો	૨૩૮
પાસો	૨૪૨
ચોરસ અને ત્રિકોણ ની ગણતરી	૨૪૮

વિભાગ - ડ ગુજરાતી ભાષા

ગુજરાતી વ્યાકરણ

વર્ણ અને અક્ષર રચના	૨૬૭
દ્વિરુક્ત પ્રયોગો	૨૬૭
સંધિ	૨૬૮
વિભક્તિ	૨૭૫
કૃદંતો	૨૭૭
નિપાત	૨૭૮
વાક્યના પ્રકારો	૨૭૯
વાક્ય રચના	૨૮૦
સમાસ	૨૮૧
અલંકાર	૨૮૭
છંદ	૨૯૩
સમાનાર્થી શબ્દો	૨૯૯
વિરુદ્ધાર્થી શબ્દો	૩૦૪
શબ્દ સમૂહ માટે એક શબ્દ	૩૦૫
રૂઢિપ્રયોગો	૩૦૬
વિશેષણ	૩૦૭
જોડણી	૩૦૮
શબ્દકોશનો ઉપયોગ	૩૧૦
કર્તરિ, કર્મણિ અને ભાવે પ્રયોગ	૩૧૧
કહેવતો	૩૧૧
સર્વનામ	૩૧૪
ગુજરાતી વ્યાકરણના MCQ પ્રશ્નો	૩૧૫

ગુજરાતી સાહિત્ય

લેખક અને ઉપનામ	૩૨૦
સાહિત્યકારો અને તેમની મુખ્ય કૃતિઓ	૩૨૧
ગુજરાતી સાહિત્યકારો	૩૨૩
સુપ્રસિદ્ધ પંક્તિઓ	૩૪૩
ગુજરાતની સાહિત્ય સંસ્થાઓ	૩૪૭
ગુજરાતી સાહિત્યકારો વિશે	૩૪૮
વિવિધ લેખકોના પુસ્તકો	૩૫૦
ગુજરાતી સાહિત્યમાં પ્રથમ કૃતિઓ	૩૫૨
ગુજરાતી સાહિત્યના અગત્યના પાત્રો	૩૫૩
સાહિત્યના પ્રકારો	૩૫૫
ગુજરાતી ભાષાના સમાચાર પત્રો	૩૫૭
ગુજરાતી સાહિત્યના MCQ પ્રશ્નો	૩૫૮

વિભાગ - ઇ અંગ્રેજી ભાષા

Noun	૩૬૯
pronoun	૩૭૨
Articles	૩૭૬
Verbs	૩૭૯
Adverbs	૩૮૨
Adjectives	૩૮૩
Prepositions	૩૮૪
Conjunctions	૩૯૦
Tenses	૩૯૫
Direct - Indirect Speech	૪૦૧
Active - Passive	૪૦૬
Degree	૪૧૦
"Wh" Questions	૪૧૨
Question Tag	૪૧૫
Synonyms	૪૧૬
Antonyms	૪૧૯
અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો	૪૨૨

વિભાગ - અ જનરલ નોલેજ

ગુજરાત

ગુજરાતની વિશેષ બાબતો ૪૩૧
ગુજરાતના અભયારણ્યો અને નેશનલ પાર્ક ૪૩૨
ગુજરાતમાં કેન્દ્ર સરકારની નેશનલ સંસ્થાઓ ૪૩૩
ગુજરાતમાં સૌથી મોટું ૪૩૩
ગુજરાતના તળાવો ૪૩૪
ગુજરાતના ધાર્મિક સ્થળો ૪૩૪
નદી કિનારે વસેલા શહેરો ૪૩૫
ગુજરાતના જિલ્લાઓ અને તાલુકાઓ ૪૩૬
ગુજરાતની મહત્વની ડેરીઓ ૪૩૮
ગુજરાતના મુખ્ય ડુંગરો ૪૩૮
ગુજરાતના લોકમેળાઓ ૪૩૮
ગુજરાતના લોક નૃત્યો ૪૩૯
ગુજરાતના મુખ્ય પરગણા ૪૩૯

ભારત

ભારતની વિશેષ બાબતો ૪૪૦
ભારતમાં પ્રથમ મહિલા ૪૪૦
ભારતના મુખ્ય બંદરો ૪૪૧
ભારતના લોક નૃત્યો ૪૪૧
પ્રખ્યાત સરહદો ૪૪૧
ભારતનું રાષ્ટ્રીય પંચાંગ ૪૪૨
રાશિ અને નક્ષત્રો ૪૪૨
મહત્વના દિવસો ૪૪૩
ભારતીય સંસ્કૃતિના ઐતિહાસિક સ્થળો ૪૪૪
ભારતના વાદ્ય કલાકારો ૪૪૪
ભારતીય રિઝર્વ બેન્ક ૪૪૫
ભારતને નવરત્ન કંપનીઓ ૪૪૫
ભારતમાં પ્રથમ ૪૪૬
ભારતીય રેલવે ૪૪૬

ધર્મ

દુનિયાના મુખ્ય ધર્મો ૪૪૮
વેદો - ઉપનિષદો ૪૪૯
પુરાણો- ચારધામ ૪૪૯
બાર જ્યોતિર્લિંગ ૪૫૦
રામાયણ - મહાભારત ૪૫૦
ભારતની પ્રાચીન વિદ્યાપીઠો ૪૫૧
ષડ્દર્શન ૪૫૧

દુનિયા

સંયુક્ત રાષ્ટ્રો ૪૫૨
વિશ્વના મહત્વના યુનિયનો ૪૫૨
સંયુક્ત રાષ્ટ્રમાં ભારત ૪૫૪
વિશ્વનું ચલણ ૪૫૫
વિશ્વની ગુપ્તચર સંસ્થાઓ ૪૫૫
જનરલ નોલેજ વનલાઈનર પ્રશ્નો ૪૬૫

ભારતનું બંધારણ

બંધારણની મૂળભૂત ફરજો(૫૧-ક) ૪૬૮
બંધારણના મુખ્ય અનુચ્છેદો ૪૬૯
બંધારણના મુખ્ય સંશોધનો ૪૭૩
સ્વાંત્ર્ય ભારતનું પ્રથમ મંત્રી મંડળ ૪૭૬
ભારતના રાજકીય પક્ષો ૪૭૭

ભુગોળ

નકશો ૪૮૭
ગુજરાતનું સ્થાન,સીમા અને ભૂપૃષ્ઠ ૪૮૭
ગુજરાતનો વિસ્તાર ૪૮૮
ગુજરાતની આબોહવા ૪૮૯
ગુજરાતની કુદરતી સંપત્તિ ૪૮૯
ગુજરાતનાં માર્ગો અને વાહન વ્યવહાર ૪૯૧
ગુજરાતનાં પ્રદેશોનું લોક જીવન ૪૯૨
ભારતનું સ્થાન સીમા અને ભૂપૃષ્ઠ ૪૯૩
ભારતની આબોહવા ૪૯૫
ભારતની કુદરતી સંપત્તિ ૪૯૬
ભારતની જમીન ૪૯૯
ભારતનાં ઉદ્યોગો ૫૦૦
ભારતમાં માર્ગ અને વાહન વ્યવહાર ૫૦૧
અક્ષાંશવૃત્તો, રેખાંશવૃત્તો, અને કટીબંધો ૫૦૨
પરિભ્રમણ અને પરિક્રમણ ૫૦૫
પૃથ્વીનાં આવરણો ૫૦૬
ભૂમિ સ્વરૂપો ૫૦૭
પવનો ૫૦૯
વરસાદ ૫૦૯
જળસ્વરૂપો ૫૧૨
ભારત અને વિશ્વની પર્વતમાળાઓ ૫૧૪
મુખ્ય જ્વાળામુખીઓ ૫૧૫
ભારતનાં સરોવરો ૪૯૯
દુનિયાના સરોવરો અને ધોધ ૫૦૧
ભૌગોલિક ઉપનામ ૫૧૬
દેશ-દુનિયાની નદીઓ ૫૧૭

ઈતિહાસ

ગુજરાતમાં શાસન ૫૧૮
ભારતમાં શાસન ૫૨૦
સામાજિક અને ધાર્મિક સુધારણા આંદોલનો ૫૨૭
ભારતીય પ્રેસ પત્રિકાઓ ૫૨૭
કોંગ્રેસનાં મહત્વપુર્ણ અધિવેશનો ૫૨૮
ગુજરાતનો ઈતિહાસ ૫૨૯
ભારતનો ઈતિહાસ ૫૩૩

સામાન્ય વિજ્ઞાન

માનવ શરીર વિશે ૫૪૪
વિટામીનની ખામીથી થતા રોગો ૫૪૫
ખનીજોની ઉણપથી થતા રોગો ૫૪૬
શરીરમાં રોગથી અસરકારક અંગ ૫૪૬
માનવીના બ્લડ ગ્રુપો ૫૪૬
શરીરના મુખ્ય તત્વો ૫૪૭
વૈજ્ઞાનિક સાધનોના ઉપયોગો ૫૪૮
વિવિધ વિજ્ઞાન કે શાસ્ત્ર ૫૪૮
પદાર્થની ઘનતા ૫૪૯
સૂર્યમંડળના ગ્રહો ૫૫૦
તત્વની સંજ્ઞા ૫૫૨
સંયોજનો ૫૫૨
પેટ્રોલિયમ પેદાશો ૫૫૩
વૈજ્ઞાનિક શોધો ૫૫૩
ભારતના પ્રખ્યાત વૈજ્ઞાનિક ૫૫૫
તાપમાન માપવાના એકમો ૫૫૬
ભારતનું અણુ સંશોધન ૫૫૭
ભારતમાં અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થાઓ ૫૫૭

સંગીત અને કલા

૫૬૩

અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નપત્રો

૨૦૧૧ નાં વર્ષમાં લેવાયેલ
TAT 11- 12 ની પરીક્ષાની આન્સર કી ૫૬૭
૨૦૧૪ નાં વર્ષમાં લેવાયેલ
TAT 11 - 12 ની પરીક્ષાની આન્સર કી ૫૭૫
૨૦૧૪ નાં વર્ષમાં લેવાયેલ
TAT 9 - 10 ની પરીક્ષાની આન્સર કી ૫૮૨
૨૦૧૨ નાં વર્ષમાં લેવાયેલ
TAT 9 - 10 ની પરીક્ષાનું પ્રશ્નપત્ર ૫૮૯
2018 નાં વર્ષમાં લેવાયેલ DATE-29 7 2018
TAT 9 - 10 ની પરીક્ષાનું પ્રશ્નપત્ર ૬૦૭
2018 નાં વર્ષમાં લેવાયેલ DATE-28-10-2018
TAT 11-12 ની પરીક્ષાનું પ્રશ્નપત્ર ૬૧૩
2019 નાં વર્ષમાં લેવાયેલ DATE -27-01-2019
TAT 9-10 ની પરીક્ષાનું પ્રશ્નપત્ર ૬૧૯
2023 નાં વર્ષમાં લેવાયેલ
TAT 9 - 10 ની પરીક્ષાનું પ્રશ્નપત્ર ૬૨૬
2023 નાં વર્ષમાં લેવાયેલ
TAT 11-12 ની પરીક્ષાનું પ્રશ્નપત્ર ૬૩૩

વર્તમાન જનરલ નોલેજ

ગુજરાતનું મંત્રી મંડળ ૬૪૧
ગુજરાતના મુખ્યમંત્રીઓ ૬૪૨
ભારતના રાજકીય અને ભૌગોલિક આંકડા ૬૪૫
વિધાન પરીષદવાળા રાજ્યો ૬૪૬
ભારતની આંતરરાષ્ટ્રીય સરહદ ૬૪૬
ભારતનું પ્રધાન મંડળ ૬૪૭
ભારતના વડાપ્રધાનો ૬૪૯
ભારત સરકારના મહત્વના હોદ્દા ૬૫૧
ભારતના વિશ્વધરોહર સ્થળો ૬૫૩

પુરસ્કારો

ભારત રત્ન પુરસ્કાર ૬૫૫
રમન મેગસેસે એવોર્ડ ૬૫૭
દાદા સાહેબ ફાળકે એવોર્ડ ૬૫૭
જ્ઞાનપીઠ એવોર્ડ ૬૫૮
નોબેલ પારીતોષિકમાં ભારતીય ૬૫૮
ઓસ્કાર એવોર્ડમાં ભારતીય ૬૫૮
બુકર પુરસ્કારમાં ભારતીય ૬૫૯
ફિલ્મફેર એવોર્ડ ૬૫૯
નેશનલ ફિલ્મ એવોર્ડ ૬૫૯
ઓસ્કાર એવોર્ડ ૬૫૯
નોબેલ પારીતોષિક ૬૫૯

રમત-ગમત

જુદી જુદી રમત વિશે ૬૬૦
વર્લ્ડ કપ હોકી ૬૬૦
ફૂટબોલ વર્લ્ડકપ ૬૬૦
એશિયન રમતોત્સવ ૬૬૦
ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ ૬૬૦
કોમનવેલ્થ ગેમ - ૨૦૨૨ ૬૬૧
Tennis Grand slam - ૨૦૨૨ ૬૬૧
ઓલમ્પિક ૬૬૨
મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ-૨૦૨૨ ૬૬૩
દરેક રમત સાથે જોડાયેલા શબ્દો ૬૬૩

(બ) શિક્ષક અભિયોગ્યતા

1 શિક્ષણની ફિલસૂફી

કેળવણી

કેળવણીનો શાબ્દિક અર્થ :

કેળવણી શબ્દને સંસ્કૃત ભાષાના સંદર્ભમાં જોઈએ તો શિક્ષ ધાતુ શિક્ષણ શબ્દના મૂળમાં જોવા મળે છે. શિક્ષ અર્થાત્ શીખવું અને જે શીખવે છે તે શિક્ષક.કેળવણી માટે અંગ્રેજીમાં Education : શબ્દ પ્રયોજાય છે. આ શબ્દમાં મૂળ બે શબ્દો છે. જેમાં E એટલે out of (ની બહાર) અને ducoનો અર્થ થાય છે । Lead. જેના પરથી કહી શકાય કે મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવી તે જ Education અર્થાત્ કેળવણી.
Education શબ્દ લેટિન ભાષામાંથી ઊતરી આવ્યો છે. Education શબ્દને લેટિન ભાષાના ત્રણ શબ્દો સાથે સમજાવી શકાય તેમ છે.

(1) Educate : આનો અર્થ થાય છે to educate, to bring up, to raise.
To Educate : એટલે કેળવણી આપવી, કેળવવું, તાલીમ આપવી, શક્તિઓને કેળવવી. To Bring up : ઉછેરવું, સંવર્ધન કરવું.
To raise : ઉગાડવું, પેદા કરવું, ઉછેરવું.
(2) Educare: આનો અર્થ થાય છે to bring forth, to lead out.
To bring forth એટલે પેદા કરવું, જન્મ આપવો.
To lead out દોરવું, રસ્તો બતાવવો, માર્ગદર્શન આપવું.
(3) Educatum : આનો અર્થ થાય છે Act of teaching or training.
Act of teaching or training એટલે અધ્યાપન કરવું અથવા તાલીમ આપવી, પ્રશિક્ષણ કરવું.
ઉપરોક્ત ત્રણેય શબ્દોના અર્થ પ્રમાણે Education શબ્દનો અર્થ The act of training, bringing up and leading out થાય છે. આ પરથી આપણે એમ કહી શકીએ કે કેળવણી એટલે પ્રશિક્ષણ, સંવર્ધન અને પથદર્શન.

ડેલોર્સ અહેવાલ :

1996માં 21મી સદી માટેનો યુનેસ્કોનો અહેવાલ જેક્સ ડેલોર્સના અધ્યક્ષપદે પ્રકાશિત થયો હતો. જેનું ભારતમાંથી ડો. કરણસિંહે પ્રતિનિધિત્વ કર્યું હતું. આ અહેવાલને "શિક્ષણ ભીતરનો ખજાનો" તરીકે પણ ઓળખવામાં આવે છે. આ અહેવાલ મુજબ કેળવણીના ચાર આધાર સ્તંભો નીચે મુજબ છે.

(1) અધ્યયન કરતાં શીખવું
(2) કામ કરતાં શીખવું
(3) સહજીવન જીવતાં શીખવું
(4) માનવ બનતાં શીખવું

શૈક્ષણિક નિયમો- અધિનિયમો

રાઈટ ટુ એજ્યુકેશન (RTE- ૨૦૦૯)

૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ આપતો ૨૦૦૯ નો ૩૫ મો કાયદો . આ એક્ટ ૨૭ મી ઓગસ્ટ ૨૦૦૯ ના રોજ જનહિત માટે પ્રકાશિત કરવામાં આવ્યો. આ કાયદામાં કુલ ૭ પ્રકરણ છે. અને ૩૮ કલમો છે.

ભારત સરકારે ૨૦૦૨માં બંધારણમાં ૮૬ મો સુધારો કરીને પ્રાથમિક શિક્ષણના અધિકારોને મૂળભુત અધિકાર (પરિશિષ્ટ : ૨૧ a) બનાવવામાં આવ્યો હતો. RTE - ૨૦૦૯ પહેલા ગુજરાતમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૬૧ અમલમાં હતો. પ્રજાસત્તાક ભારતના ૬૦ માં વર્ષમાં સંસદે ઘડેલ અધિનિયમ.

પ્રકરણ -૧ પ્રારંભિક

કલમ-૧ ટુંકું શીર્ષક, વ્યાપ, અને પ્રારંભ
જેમાં આ અધિનિયમ બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિનિયમ ૨૦૦૯ કહેવામાં આવશે. જે જમ્મુ કશ્મીર સિવાય સમગ્ર ભારતમાં લાગુ પડશે.

કલમ-૨ વ્યાખ્યાઓ
આ કલમમાં અધિનિયમમાં આપેલ અમુક શબ્દોની વ્યાખ્યાઓ તથા સમજુતી આપવામાં આવી છે.

પ્રકરણ - ૨ મફત અને ફરજિયાત શિક્ષણનો હક

કલમ- ૩ મફત અને ફરજિયાત શિક્ષણ અંગે બાળકના હક

કલમ- ૪ છ વર્ષથી વધુ ઉંમરના કોઈ બાળકને કોઈ શાળામાં પ્રવેશ અપાયા છતા તે તેનું પ્રાથમિક શિક્ષણ પુરૂ ન કરી શક્યો હોય તો તેને તેની ઉંમર અનુરૂપ જે તે ધોરણમાં પ્રવેશ આપવામાં આવશે.

કલમ- ૫ જ્યારે બાળકને કોઈપણ કારણસર રાજ્યની અંદર કે રાજ્યની બહાર એક શાળામાંથી બીજી શાળામાં ખસવાનું જરૂરી બને ત્યારે આવા બાળકને તેનું પ્રાથમિક શિક્ષણ પુરૂ કરવા માટે અમુક નિર્દિષ્ટ કરેલી શાળા સિવાયની બીજી કોઈ શાળામાં પ્રવેશ મેળવવાનો હક રહેશે.

પ્રકરણ - ૩ - સરકાર, સ્થાનિક સ્વાતંત્ર્ય અને માતા-પિતાની ફરજો.

કલમ- ૬ **શાળા સ્થાપવા માટે યોગ્ય સરકાર અને સ્થાનિક સતાતંત્રની ફરજો-** આ જોગવાઈનો અમલ કરવા અધિનિયમના અમલથી ત્રણ વર્ષ માં જે વિસ્તાર માં શાળા સ્થપાઈ ન હોય તે વિસ્તારમાં યોગ્ય અંતરે શાળા સ્થાપશે.

કલમ- ૭ **નાણાકીય અને બીજી જવાબદારીનું વિભાજન**
આ અધિનિયમ મુજબ નાણાં પુરા પાડવાની જવાબદારી કેન્દ્ર તથા રાજ્ય બન્ને સરકારની છે. અંદાજપત્ર કેન્દ્ર સરકારે તૈયાર કરવાનું હોય છે. કેન્દ્ર સરકારે કરેલ નાણાંની જોગવાઈ કરતા વધારે નાણાંની જરૂરીયાત રાજ્ય સરકારે પુરી પાડવી પડશે, તથા શિક્ષકોના તાલિમ માટેના ધોરણો વિકસાવી તેનો અમલ કરશે.

કલમ-૮ **યોગ્ય સરકારની ફરજો**
૬ થી ૧૪ વર્ષના દરેક બાળકને મફત અને ફરજીયાત શિક્ષણ પુરૂ પાડશે. આ માટે બાળકને જરૂરી એવી તમામ સુવિધા મફત પુરી પાડશે.

કલમ- ૯ **સ્થાનિક સતાતંત્રની ફરજો**
પોતાના અધિકાર ક્ષેત્રમાં ૬ થી ૧૪ વર્ષના તમામ બાળક શિક્ષણથી વંચીત ન રહી જાય તે માટે તમામ પ્રયાસો કરવા. આવા બાળકોને ગુણવતા વાળુ શિક્ષણ મળે તે માટે શાળાની કામગીરી ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવું.

કલમ- ૧૦ **માતા- પિતા અને વાલીની ફરજ**
પોતાના બાળકને નજીકની શાળામાં પ્રાથમિક શિક્ષણ માટે પ્રવેશ અપાવવાની ફરજ દરેક માતા -પિતા અથવા વાલીની રહેશે.

કલમ-૧૧ **યોગ્ય સરકારે પૂર્વ શાળા શિક્ષણ પુરું કરવું**
ત્રણ વર્ષથી ઉપરની વયના બાળકોને પ્રાથમિક શિક્ષણ માટે તૈયાર કરવા.આવા બાળકો માટે મફત - પૂર્વશાળા શિક્ષણ પુરૂ પાડવા યોગ્ય સરકાર જરૂરી વ્યવસ્થા કરશે.

રાષ્ટ્રીય પાઠ્યચર્યાની રૂપરેખા - ૨૦૦૫ (NCF - ૨૦૦૫)

પ્રસ્તાવના :-

ભારતના સ્વતંત્રતા પછીના શિક્ષણના ઈતિહાસમાં ગુણવતા સુધારણાં સંદર્ભે થયેલ વિવિધ પ્રયાસો પૈકી રાષ્ટ્રીય અભ્યાસક્રમ રુપરેખા (National Curriculum Framework (NCF) - ૨૦૦૫) નો દસ્તાવેજ આગવું મહત્વ ધરાવે છે.

વર્ષ ૧૯૭૬ સુધી શિક્ષણના સંબંધમાં તમામ રાજ્યો સ્વતંત્ર હતા અને કેન્દ્ર માત્ર માર્ગદર્શનની ભુમિકામાં હતું. આ પરિસ્થિતિમાં એન.સી.ઈ.આર.ટી. દ્વારા વર્ષ ૧૯૮૬ માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ તથા વર્ષ ૧૯૭૫ માં પ્રથમ વખત રાષ્ટ્રીય કક્ષાએ પાઠ્યક્રમ ચર્ચા રૂપરેખાની રચના કરવામાં આવી. વર્ષ ૧૯૭૬માં મહત્વની ઘટના બની અને સંવિધાનમાં સંશોધન બાદ શિક્ષણની જવાબદારીને સમવર્તી (સંયુક્ત) યાદીમાં મુકવામાં અવી.

વર્ષ ૧૯૮૬માં તૈયાર થયેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં NCERT ને એક મહત્વની કામગીરી સોંપવામાં આવી. આ કામગીરી હતી સમગ્ર રાષ્ટ્ર માટે રાષ્ટ્રીય પાઠ્યક્રમ ચર્ચા (National Curriculum Framework) ની રૂપરેખા તૈયાર કરવી તથા તેની વખતોવખત સમીક્ષાકરવી.

એન.સી.એફ. ૨૦૦૫ એટલે....

- એન.સી.એફ. (રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા) ૨૦૦૦ ની સમીક્ષાના આધારે તૈયાર થયેલો દસ્તાવેજ.
- ૧૯૯૩ ના ભાર વગરના ભણતર અહેવાલના આધારે સમીક્ષા થયેલ દસ્તાવેજ.
- ડૉ.યશપાલજીની અધ્યક્ષતામાં રાષ્ટ્ર કક્ષાની એક તથા વિવિધ વિષયો આધારિત ૨૧ ફોક્સ ગ્રુપ દ્વારા તૈયાર થયેલ દસ્તાવેજ.

એન.સી.એફ. ૨૦૦૫ એ આપણને શું આપ્યું.?

- અભ્યાસક્રમ રચનાના નિર્દેશક સિદ્ધાંતો
- શિખવાની પ્રક્રિયા તથા જ્ઞાન
- અભ્યાસક્રમના ક્ષેત્રો તથા મુલ્યાંકન
- વિદ્યાલય તથા વર્ગનું વાતાવરણ
- વ્યવસ્થાગત સુધારણા

અભ્યાસક્રમ રચનાના નિર્દેશક સિદ્ધાંતો

- ગોખણપટ્ટી આધારિત પરીક્ષાનો ત્યાગ કરે તેવુ.
- જ્ઞાનને શાળાની બહારના જીવન સાથે જોડવું
- માત્ર પાઠ્યપુસ્તક આધારિત નહી પણ તેથી આગળ જઈ શકે તેવી તક આપે તેવો પાઠ્યક્રમ- અભ્યાસક્રમ
- પરીક્ષાઓ વધારે લચીલી બનાવવી અને કક્ષાના જીવન સાથે જોડવી.
- દેશની લોકશાહી શાસનપધ્ધતિની અંતર્ગત સામાન્ય રીતે દરેકને પોતાની લાક્ષણિક ઓળખ બતાવવી અને તે ઓળખને જાળવવી પોષવી .

શીખવાની પ્રક્રિયા તથા જ્ઞાન

- પ્રાથમિક તથા આરંભિક શાળાના અભ્યાસક્રમમાં કોઈ પણ સુધારા પુર્વપ્રાથમિક શિક્ષણ (ઈ.સી.સી.ઈ.) ના બહુપરિચિત સિદ્ધાંતોના પ્રકાશમાં જ કરવો જોઈએ.
- બાળક જ્ઞાનની રચના કરે છે જ્ઞાનનો ઉપભોક્તા નથી.
- વિષયો વચ્ચે એવું સંકલન સ્થાપિત કરવું (દિવાલો નીચી કરવી) કે જેથી વિદ્યાર્થી જ્ઞાનનો આનંદ મેળવી શકે.
- બાળકેન્દ્રીત શિક્ષણ એટલે બાળકની સક્રિય ભાગીદારી હોય અને તેના વ્યક્તિત્વનો સ્વીકાર થાય.
- બાળકો એવા વાતાવરણમાં ભણી શકે છે કે જેમાં તેમને લાગે છે કે તેમને મહત્વપુર્ણ માનવામાં આવે છે.

શૈક્ષણિક સંસ્થાઓ


ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળની સ્થાપના ૨૧ મી ઓક્ટોબર ૧૯૬૯ ના રોજ કરવામાં આવી . તેનો મુખ્ય ઉદ્દેશ ઉચ્ચ ગુણવતા વાળા પાઠ્યપુસ્તકોનું પ્રકાશન કરી વિદ્યાર્થીને વાજબી કિંમતે પુસ્તકો પુરા પાડવા.

ગુજરાત સરકારે મંજુર કરેલ અભ્યાસક્રમ અનુસાર ધોરણ - ૧ થી ૧૨ નાં ગુજરાતી માધ્યમ ઉપરાંત અન્ય સાત માધ્યમો હિન્દી, અંગ્રેજી, મરાઠી, સિંધી, ઉર્દુ, સંસ્કૃત અને તમીલ ભાષામાં સારી ગુણવતાવાળા પાઠ્યપુસ્તકો તૈયાર કરે છે. આ ઉપરાંત શિક્ષક અધ્યયનપોથી, સ્વાધ્યાયપોથી તથા બાલસૃષ્ટિ માસિક અંક પણ તૈયાર કરે છે. ઉપરાંત પી.ટી.સી. અને સી.પી.એડના પાઠ્યપુસ્તકો પણ તૈયાર કરે છે.

- પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓ માટે પુરક વાચન સામગ્રી તૈયાર કરે છે.
- પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણની પ્રગતિ અને ગુણવતા સુધારણામાં સહાય કરવી અને તેને વેગ આપે છે.
- બુનિયાદી વિષયોના પાઠ્યપુસ્તકો :- ઈ.સ. ૧૯૯૯ થી ધોરણ ૧૧-૧૨ ના બુનિયાદી વિષયોના ૨૬ જેટલા પાઠ્યપુસ્તકોનું પ્રકાશન કરી મંડળે જાહેર પરીક્ષા માટેના વધારે વિષયોની પાઠ્યપુસ્તકો દ્વારા જે-તે ક્ષેત્રના વિદ્યાર્થીઓને આધારભુત સાહિત્ય પુરૂ પાડ્યું છે. આથી ગ્રામ અને કૃષિ ક્ષેત્રોમાં પણ મંડળ માનવ સંશાધન વિકાસના મહત્વના કાર્યમાં પોતાનો ફાળો આપી શકયું છે.

મંડળનું સંસ્થાકીય માળખું



પાઠ્યપુસ્તક મંડળ પાઠ્યપુસ્તકોનું પ્રકાશન કાર્ય કરીને જ સંતોષ માનતું નથી પાઠ્યપુસ્તકોની ગુણવતા સતત સુધરતી રહે તે માટે સંશોધન અંગેની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. પ્રાથમિક શિક્ષકોથી માંડીને યુનિવર્સિટીના અધ્યાપકો સુધીની પ્રતિભાશાળી વ્યક્તિઓને મુલ્યાંકન કાર્યક્રમ તથા અન્ય શૈક્ષણિક કાર્યક્રમોમાં જોડવામાં આવે છે. પાઠ્યપુસ્તક સંપાદન તાલીમ શિબિર અને પાઠ્યપુસ્તકોના લેખકો, પરામર્શકો, અનુવાદકો વગેરે માટેના પ્રતિભાશોધ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યા છે.

GCERT

(ગુજરાત કાઉન્સીલ ઓફ એજ્યુકેશનલ રિચર્સ એન્ડ ટ્રેનીંગ - ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ)

રાષ્ટ્રીય કક્ષાએ જે રીતે NCERT કામ કરે છે. તે રીતે રાજ્ય કક્ષાએ SCERT કામ કરે છે . ૧૯૬૨ માં સ્ટેટ ઈન્સ્ટિટયુટ ઓફ એજ્યુકેશન (SIE) નામે સંસ્થા અમદાવાદમાં શરૂ થઈ હતી પરંતુ ૧૯૮૬ ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અન્વયે. રાજ્યમાં SCERT હોવાનું આવશ્યક બન્યું આથી SIE નું નામ બદલીને ૧૯૮૮ માં GCERT કરવામાં આવ્યુ.

GCERT ના વિભાગો.

૧. સંશોધન વિભાગ
૨. અભ્યાસ ક્રમ અને મુલ્યાંકન
૩. ગણિત વિજ્ઞાન વિભાગ - ગણિત વિજ્ઞાન પ્રદર્શન
૪. ભાષા વિભાગ
૫. શિક્ષણ - પ્રશિક્ષણ વિભાગ
૬. વસ્તી શિક્ષણ વિભાગ
૭. વ્યવસાય લક્ષી શિક્ષણ વિભાગ
૮. વહીવટી વિભાગ

GCERT ના મુખ્ય ઉદ્દેશો :-

- શૈક્ષણિક સંશોધન કાર્યને પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરૂ પાડવું તેમજ વેગ આપવો .

ભારતમાં શૈક્ષણિક પંચો-સમિતીઓ

યુનિવર્સિટી શિક્ષણપંચ - ૧૯૪૮

૧૯૪૭ માં ભારત સ્વતંત્ર થતા વિદ્યાર્થીઓ સ્વતંત્ર ભારતમાં એક સારો નાગરિક બને તે ઉદ્દેશથી દેશની જરૂરીયાત મુજબ શિક્ષણમાં પરીવર્તન કરવું જરૂરી બન્યું. આથી ભારત સમક્ષ 'અખિલ ભારતીય વિશ્વવિદ્યાલય શિક્ષણ પંચ' નિમવાનો પ્રસ્તાવ રજુ થયો. જે યુનિવર્સીટી શિક્ષણના માળખામાં પરીવર્તનના સુજાવ આપે.

આથી સરકારે નવેમ્બર ૧૯૪૮ માં ડૉ.એસ. રાધાકૃષ્ણનના અધ્યક્ષ પદે 'યુનિવર્સિટી શિક્ષણ પંચ'ની નિમણુંક કરી જેને 'રાધાકૃષ્ણન પંચ ' પણ કહેવામાં આવે છે .

આ પંચે યુનિવર્સિટી શિક્ષણના સંદર્ભમાં એક પ્રશ્નાવલી તૈયાર કરી વિવિધ શિક્ષણ નિષ્ણાંતોને મોકલી જેના ૬૦૦ જેટલા વ્યક્તિઓએ જવાબ આપ્યા પંચના સભ્યોએ ૭ દેશોની વિવિધ યુનિવર્સિટીમાં જઈને ત્યાં પદાધિકારીઓ, વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળો તથા શિક્ષણ વિદોને મળીને અથાગ પરિશ્રમ કરીને ૨૫ ઑગસ્ટ ૧૯૪૯ ના રોજ પોતાનો અહેવાલ ભારત સરકારને સોંપ્યો.

૧. વિશ્વવિદ્યાલયોનો મુખ્ય ઉદ્દેશ દેશમાં એવા નેતાઓનુ નિર્માણ કરવું કે જેઓ દુરદર્શી, બુદ્ધિમાન અને સાહસી હોય અને તેઓ રાજકીય, વ્યવસાયિક, ઔદ્યોગિક તેમજ વાણિજ્ય ક્ષેત્રે એક મજબુત નેતૃત્વ પુરૂ પાડે આ ઉપરાંત વિશ્વવિદ્યાલયો એ દેશની સંસ્કૃતિનું રક્ષણ જતન અને પોષણ કરે તેવા સભ્યોનું નિર્માણ કરવું. પંચે જણાવ્યુ ''અમે ન્યાય, સ્વતંત્રતા , સમાનતા અને બંધુતાની પ્રાપ્તી દ્વારા પ્રજાતંત્રની શોધમાં સંલગ્ન છીએ. એ આદર્શોના પ્રતિક અને રક્ષણ વિશ્વવિદ્યાલયો હોવા જોઈએ.

૨. અધ્યાપકોની બાબતમાં તેમણે કહ્યુ કે અધ્યાપકોનાં પ્રોવિડન્ટ ફંડની ઉત્તમ વ્યવસ્થા કરવી જોઈએ. તથા તેમના નિવાસની નજીકના સ્થળે વ્યવસ્થા કરવી. તથા અઠવાડિયામાં વધુમા વધુ ૧૮ કલાકનું કાર્ય અપાય ઉપરાંત અધ્યાપકોને પ્રોફેસર, રીડર, વ્યાખ્યાતા અને ઈન્સ્ટ્રક્ટર એમ ચાર ભાગોમાં વહેંચીને દરેકને યોગ્ય પગાર ધોરણ આપવું.

૩. **શિક્ષણનું ધોરણ સુધારવું.**
હાલમાં યુનિવર્સિટીઓમાં શિક્ષણનું ધોરણ કથળેલું છે આથી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે ઈન્ટરમિડિયેટ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. વિશ્વવિદ્યાલયોમાં કલા અને વિજ્ઞાનમાં ૩૦૦૦ અને તેમને સંલગ્ન કૉલેજોમાં ૧૫૦૦ થી વધારે વિદ્યાર્થીને પ્રવેશ ન અપાય. પરીક્ષાને બાદ કરતા ઓછામાં ઓછુ ૧૮૦ દિવસનું શિક્ષણકાર્ય હોવું જોઈએ. જરૂર જણાય ત્યાં રાત્રી શિક્ષણની વ્યવસ્થા કરવી. પુસ્તકાલય અને પ્રયોગશાળાઓને આધુનિકતા આપવી.

૪. **અભ્યાસક્રમની અવધી**
ગ્રેજ્યુએશન ડીગ્રી કોર્ષ ત્રણ વર્ષનો હોય ત્યારબાદ ૧ વર્ષ પછી ઓનર્સ કોર્ષ અને તેના પછી ૨ વર્ષ અનુસ્નાતક ડીગ્રી આપવામાં આવે છે. વિદ્યાર્થીઓના વ્યક્તિગત અને સામુહિક હિતોને ધ્યાનમાં રાખી જુદા જુદા ક્ષેત્રોનો અભ્યાસ કરવામાં આવે અને પછી સામાન્ય શિક્ષણ અને વિશિષ્ટ સમન્વય સાધવામાં આવે.

૫. **સ્નાતકોત્તર વર્ગો અને સંશોધન**
પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓની સમગ્ર ભારત સ્તરે પસંદગી થાય અને સંશોધન નિબંધની અવધી ૨ વર્ષની કરવી અને તેમને શિષ્યવૃતિની વ્યવસ્થા કરવી. ડી.લીટ અને ડી.એસ.સી.ની પદવીઓ માત્ર ઉચ્ચ કોટીના તથા મૌલિક સાહિત્યને જ આપવી આ માટે સરકારે યુનિવર્સિટીના વિજ્ઞાન વિભાગ ને સંશોધન કાર્ય માટે સહાયતા આપવી.

૬. **વ્યવસાયિક શિક્ષણ વ્યવસ્થા**
ભારત કૃષિપ્રધાન દેશ છે. આથી પ્રાથમિક, માધ્યિક, અને ઉચ્ચ શિક્ષણ માટે કૃષિશિક્ષણને પ્રાધાન્ય આપવું. ખેતી સાથે શિક્ષણની સંસ્થાઓ, ગ્રામ્ય પ્રદેશોમાં સ્થાપવી જેમાં વ્યવહારીક જ્ઞાન અપાય, કૃષિ કોલેજોને આર્થિક સહાયતા કરવી જેથી તેઓ પર્યાપ્ત સાધનો તથા શિક્ષકો રાખી શકે, કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા કૃષિ સંશાધનો કેન્દ્રો ખોલવા ''ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ '' ને સમૃધ્ધ કરવામાં આવે.
(બ) વાણિજ્યનું શિક્ષણ પ્રાપ્ત કરનારને ૩ થી ૪ પ્રકારની પેઢીઓમાં વ્યવહારિક કાર્ય કરવાની તક આપવી જોઈએ. એમ.કોમ. માં યોગ્ય વિદ્યાર્થીઓને જ પ્રવેશ અપાય.
(ગ) અધ્યાપન માટે યોગ્ય વિદ્યાર્થીઓની પસંદગી થાય તથા પુરતો અનુભવ ધરાવનાર ને જ પ્રશિક્ષણ વિદ્યાલયમાં પ્રવેશ

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020

મહત્ત્વપૂર્ણ બાબતોની સંક્ષિપ્ત રજૂઆત

પ્રસ્તાવના

- ડૉ. કે. કસતુરીરંગનના અધ્યક્ષસ્થાને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની રજૂઆત
- તા. 29 જુલાઇ, 2020ના રોજ કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં મંજૂરી પ્રાપ્ત થઇ.
- 34 વર્ષ બાદ શિક્ષણની નીતિમાં બદલાવ લાવવાનો પ્રયત્નો
- Sustainable Development Goals (SDG) 047 241412
- SDG-4:
  - "To ensure inclusive and equitable quality education and promote lifelong learning opportunities for all."
  - "સમાવેશી અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવું અને સર્વ માટે આજીવન શિક્ષણ/અધ્યયનની તકોને પ્રોત્સાહન આપવું."

Universal Access to Early Childhood Care & Education (ECCE)

Foundational Learning Curriculum

વર્ષ 3 થી 8 વયજૂથ બે ભાગમાં વહેંચવામાં આવશે:

(i) ECCE -3 થી 6 વયજૂથ માટે, (ii) ધોરણ 1 અને 2- 6થી8 વય જૂથ માટે

Preparatory Class

વર્ષ 5 સુધીના પ્રત્યેક બાળકોને Preparatory Class કે બાલવાટીકા માં મોકલવામાં આવશે. (ધોરણ 1 પહેલા)

Universal Access

વર્ષ 3 થી 6 વયજૂથના બાળકો માટે : મુક્ત, સુરક્ષિત, ઉચ્ચ ગુણવત્તાયુક્ત ECCE માટે આંગણવાડી/પ્રિ–સ્કૂલ/બાલવાટીકામાં પ્રવેશ

Multifaceted

લવચિક, બહુરૂપિય, રમત, પ્રવૃત્તિ અને શોધખોળ આધારિત અધ્યયન

Universal Access

શિક્ષણના તમામ સ્તરે પ્રવેશનાં સાર્વત્રિકરણની ખાતરી

- ડ્રોપ આઉટ બાળકોને પાછા લાવવાના
- વૈકલ્પિક અને સમાવેશી શિક્ષણના કેન્દ્રો
- સહભાગી અધ્યયન (peer learning)
- તમામ સ્તરે નિર્ધારિત કરવામાં આવેલ અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ પર ધ્યાન
- સરકારી અને બિનસરકારી સંસ્થાઓને શાળા શરૂ કરવા માટે પ્રોત્સાહન
- અધ્યયન માટે બહુવિધ માર્ગ, વૈધિક તેમજ અવૈધિક શિક્ષણને સાંકળવા

પ્રવેશનું સાર્વત્રિકરણ– ECCE થી માધ્યમિક સુધી

- સમતા અને સમાવેશની ખાતરી.
- શાળા બહારના બાળકોને પરત લાવી સમાવવા.
- માધ્યમિક શિક્ષણ પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ બાળકોને શાળાઓમાં રાખી SDG લક્ષ્યો પ્રાપ્ત કરવા.
- અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ અને ગુણવત્તામાં પાયાગત સાક્ષરતા અને ગણન (FLN) દ્વારા સુધારો લાવવો.
- અધ્યયન, અધ્યાપન અને મૂલ્યાંકનમાં 21 મી સદીના કૌશલ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવું.
- શાળા સંકુલ દ્વારા સંસાધન વહેંચણી કરવી.

બંધારણમાં શૈક્ષણિક જોગવાઇઓ

- બંધારણના અમલથી 1976 સુધી શિક્ષણનો સમાવેશ રાજ્ય યાદીમાં હતો. ઈ.સ. 1976 માં 42માં બંધારણીય સુધારા અન્વયે શિક્ષણને સંયુક્ત યાદીમાં સામેલ કરવામાં આવ્યું. આ સુધારાથી શિક્ષણની જવાબદારી કેન્દ્ર અને રાજ્ય સરકારોની સંયુક્ત બની.
- બંધારણની કલમ–45 મુજબ – રાજ્ય બંધારણના અમલની શરુઆતથી 10 વર્ષના સમયગાળાની અંદર 14 વર્ષ સુધીના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની વ્યવસ્થા કરશે.
- 2002માં 86માં બંધારણીય સુધારા અન્વયે શિક્ષણનો અધિકાર નામનો કાયદો ઘડવામાં આવ્યો અને તેને એપ્રિલ–2010 થી અમલમાં મૂકવામાં આવ્યો. આ સુધારા અન્વયે કલમ–21(ક) ઉમેરવામાં આવી. આ કલમ મુજબ દેશના તમામ 6 થી 14 વર્ષના બાળકોને પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત આપવાની જવાબદારી સરકારની છે અને બાળકોને શિક્ષણ મેળવવાનો અધિકાર આપવામાં આવ્યો.
- ભારતીય બંધારણની કલમ–29(2) મુજબ રાજ્ય સંચાલિત, રાજ્યની સહાયથી ચાલતી શૈક્ષણિક સંસ્થાઓમાં કોઈપણ વ્યક્તિને ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષાના આધારે પ્રવેશથી વંચિત રાખી શકાશે નહીં તેવી જોગવાઈ કરવામાં આવી છે. શિક્ષણના અધિકારના અમલથી આર્થિક સહાય લેતી કે નહી લેતી શાળાઓને આ લાગુ પડે છે.
- ભારતીય બંધારણમાં સ્ત્રીશિક્ષણ બાબતે આર્ટિકલ–15(3) મુજબ 'રાજ્ય નાગરિકોને જાતીયતાને આધારે ભેદભાવ નહીં કરે અને જરૂર જણાય તો સ્ત્રીઓ તેમજ બાળકોના ઉત્કર્ષ માટે રાજ્ય ખાસ જોગવાઈ કરી શકશે.'
- સમાજના નબળા વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના બાળકો માટે શિક્ષણની જોગવાઇઓ માં બંધારણની કલમ–17 મુજબ અસ્પૃશ્યતા ને લગતી બાબતો પ્રતિબંધિત છે. સમાજમાં અને શાળામાં આ પ્રકારનાં ભેદભાવ બાળકો વચ્ચે રાખવા ગેરબંધારણીય છે.
- કલમ –46 મા જણાવ્યા અનુસાર રાજ્યએ સમાજના નબળા વર્ગો વિશેષ કરીને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના શૈક્ષણિક તથા આર્થિક હિતોનું વિશેષ ધ્યાન આપી સામાજિક અન્યાય અને બધા જ પ્રકારના શોષણથી રક્ષણ કરવું .
- બંધારણમાં લઘુમતી શબ્દ અલ્પસંખ્યક માટે ઉપયોગમાં લેવાય છે. તે ધર્મ કે ભાષાકીય જૂથ હોઇ શકે. ભારતીય બંધારણમાં લઘુમતી સમુદાય માટે કલમ–30 માં જોગવાઈ કરવામાં આવી છે. કલમ 30(1) મુજબ તમામ ધાર્મિક કે ભાષાકીય લઘુમતી જાતિઓને પોતાની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને ચલાવવાનો અધિકાર રહેશે. કલમ 30(2) શિક્ષણ સંસ્થાઓને આર્થિક સહાય આપવાની બાબતમાં રાજ્ય કોઈપણ સંસ્થા પ્રત્યે તે ધાર્મિક કે ભાષાકીય લઘુમતીઓ દ્વારા સંચાલિત સંસ્થા છે તેવા કારણસર ભેદભાવ રાખી શકશે નહિ.
- ભારતીય બંધારણની કલમ –28માં ઘોષણા કરવામાં આવી છે કે રાજ્યના નાણાંમાંથી નિભાવાતી શિક્ષણ સંસ્થામાં કોઈ પણ પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપી શકાશે નહીં. તેમજ સહાય દ્વારા ચાલતી અથવા રાજ્યે માન્ય કરેલી શિક્ષણ સંસ્થાઓમાં હાજરી આપનાર કોઈપણ વ્યક્તિને એવી સંસ્થામાં અપાતા ધાર્મિક શિક્ષણમાં કે સંસ્થા સાથે સંકળાયેલા મકાનમાં ચાલતી ધાર્મિક વિધિમાં હાજર રહેવાની ફરજ પાડી શકાય નહીં.
- ભારતીય બંધારણમાં આર્ટિકલ–343માં હિન્દીને સંઘની ભાષા જાહેર કરી છે. સંઘ સરકારના પત્રવ્યવહારનું માધ્યમ હિન્દીમાં સ્વીકાર્યું છે. આ ઉપરાંત આર્ટિકલ–351માં તેના વિકાસ પ્રચાર માટેની વિશેષ વ્યવસ્થા કરવાની જવાબદારી રાજ્યની કરી છે. માતૃભાષામાં શિક્ષણ ભારતીય બંધારણના આર્ટિકલ–350 (ક)માં જોગવાઈ કરવામાં આવી છે, તે અનુસાર પ્રાથમિક શાળાના બાળકોને પોતાની માતૃભાષામાં શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા રાજ્ય સરકારે પૂરી પાડવી.
- ભારતીય બંધારણના આર્ટિકલ–51 (ક) માં માતા પિતા કે વાલીએ 6 થી 14 વર્ષના બાળકોને શૈક્ષણિક તકો પૂરી પાડવી.
- ભારતીય બંધારણની કલમ –15 મુજબ શૈક્ષણિક સંસ્થા કોઈપણ વ્યક્તિને ધર્મ, વંશ, જાતિ, લિંગ કે જન્મ સ્થળના કારણે ભેદભાવ કે પ્રતિબંધિત કરી શકાશે નહીં.

શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન

વર્ગ બઢતીના નિયમો : ધોરણ–૯

[ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ સેક્શન ૧૭(૧૦) અન્વયે]

નિયમ–૧ :– દરેક રજીસ્ટર્ડ માધ્યમિક શાળાએ દરેક સત્રમાં એક પરીક્ષા બોર્ડ સૂચવે તે તારીખ પ્રમાણે અને વાર્ષિક પરીક્ષા એપ્રિલ માસમાં બોર્ડ સૂચવે તે તારીખ પ્રમાણે લેવાની રહેશે.

નિયમ–૨ :– રજીસ્ટર્ડ માધ્યમિક શાળાઓએ વર્ષ દરમ્યાન લેવાની પરીક્ષાઓના પ્રશ્નપત્રો તૈયાર કરવા માટે બોર્ડ દ્વારા સૂચવવામાં આવેલ વિષયવાર પ્રશ્નપત્રના પરિરૂપને અનુસરીને પ્રશ્નપત્ર તૈયાર કરવાના રહેશે.

અ) પ્રથમ પરીક્ષા માટે ૫૦ ગુણના પ્રશ્નપત્રમાં પ્રથમ પરીક્ષા સુધીના અભ્યાસક્રમમાંથી પ્રશ્નો પૂછવાના રહેશે.

બ) બીજી પરીક્ષા માટે ૫૦ ગુણના પ્રશ્નપત્રમાં પ્રથમ પરીક્ષા સુધીના અભ્યાસક્રમમાંથી ૧૫ ગુણ(૩૦%)નાં પ્રશ્નો પૂછવા અને પ્રથમ પરીક્ષાથી બીજી પરીક્ષા સુધી થયેલ અભ્યાસક્રમમાંથી ૩૫ ગુણ(૭૦%) પ્રશ્નો પૂછવાના રહેશે.

ક) વાર્ષિક પરીક્ષા માટે ૮૦ ગુણના પ્રશ્નપત્રમાં સમગ્ર અભ્યાસક્રમમાંથી પ્રશ્નપત્રો તૈયાર કરવાના રહેશે.

નિયમ–૩ :– દરેક રજીસ્ટર્ડ માધ્યમિક શાળાએ વર્ષ દરમ્યાન વાર્ષિક પરીક્ષા સહિતની ત્રણ પરીક્ષાઓ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, ચિત્રકામ, સંગીત, સીવણ અને ભરત, કમ્પ્યૂટર અધ્યયન જેવા વિષયો સિવાયના સૈદ્ધાંતિક વિષયો જેવા કે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, અન્ય ભાષા, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન વગેરે માટે લેવાની રહેશે. દરેક વિદ્યાર્થીએ બઢતી મેળવવા માટે આ ત્રણ પરીક્ષાઓ પૈકી બે પરીક્ષાઓ આપવી ફરજિયાત રહેશે. પાસ થવા માટે દરેક પરીક્ષાર્થીએ જે તે વિષયમાં ઓછામાં ઓછા ૩૩% ગુણ મેળવવાના રહેશે. બઢતી મેળવવાના વિષયમાં દરેક પરીક્ષાર્થીએ જે તે વિષયમાં ઓછામાં ઓછા ૨૫% ગુણ મેળવવાના રહેશે. દરેક વિષયની પરીક્ષા ફરજિયાત રહેશે.

નિયમ–૪ :- સૈદ્ધાંતિક વિષયો માટે :–

પ્રથમ પરીક્ષા –૫૦ ગુણ - (સમય – ૨ કલાક)
દ્વિતીય પરીક્ષા –૫૦ ગુણ – (સમય – ૨ કલાક)
વાર્ષિક પરીક્ષા–૮૦ ગુણ - (સમય – ૩ કલાક)
આંતરિક મૂલ્યાંકન–૨૦ ગુણ

આંતરિક મૂલ્યાંકનનું વર્ગીકરણ નીચે મુજબનું રહેશે.

૫ ગુણ – પ્રથમ સત્રની સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ) :– પ્રથમ સત્રમાં શાળાએ પોતાની અનુકૂળતા મુજબ ૨૫ ગુણની એક સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ)લેવાની રહેશે. જેનું ૫ ગુણમાં રૂપાંતર કરવાનું રહેશે.

૫ ગુણ – દ્વિતીય સત્રની સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ) :– દ્વિતીય સત્રમાં શાળાએ પોતાની અનુકુળતા મુજબ ૨૫ ગુણની એક સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ) લેવાની રહેશે. જેનું ૫ ગુણમાં રૂપાંતર કરવાનું રહેશે.

૫ ગુણ – નોટબુક સબમીશન :– વિદ્યાર્થી દ્વારા વર્ષ દરમ્યાન તૈયાર કરેલ વર્ગકાર્ય/ગૃહકાર્યની નોટબુકનાં રહેશે.

૫ ગુણ – સબજેક્ટ એનરીચમેન્ટ એક્ટીવીટી :– વિષય સંવર્ધન પ્રવૃતિ જેવી કે વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય, ભાષાઓમાં સ્પીકિંગ–લીસનીંગ ટેસ્ટ્ા નિબંધ લેખન કાર્ય, સામાજિક વિજ્ઞાનમાં પ્રોજેક્ટ્ા નકશાપોથી, અન્ય વિષયોમાં પ્રોજેક્ટ વગેરે કરવાના રહેશે. જેનો ગુણભાર ૫ ગુણ રહેશે.

નોંધ: રજીસ્ટર્ડ થયેલ સામાન્ય શાળા, ઉત્તર બુનિયાદી અને ટેકનિકલ શાળાઓના સૈદ્ધાંતિક વિષયો માટેનું વર્ગીકરણ

બેન્જામિન બ્લૂમ

મનોવૈજ્ઞાનિકો અને શિક્ષણશાસ્ત્રીઓએ શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ એક કરતાં વધુ રીતે કર્યું છે. તેમાંથી Benjamin Bloom અને તેમના સાથીદારોએ હેતુઓનું વર્ગીકરણ જે રીતે કર્યું છે તે ખૂબ જ પ્રચલિત છે. તેમાં તેમણે બાળકના વર્તનોને વિષયવસ્તુ સાથે વિવિધ રીતે સાંકળીને શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ કર્યું છે. તેમણે શિક્ષણના સંદર્ભમાં બાળકોના વર્તનને ત્રણ જૂથમાં વહેંચ્યા છે.

(1) જ્ઞાનાત્મક
(2) ભાવાત્મક અને
(3) મનોશારીરિક.

ઉપર્યુક્ત ત્રણે હેતુઓ વિશે વિસ્તારથી સમજીએ.

1.જ્ઞાનાત્મક હેતુઓ

જ્ઞાન મેળવવું કે જ્ઞાનનો ઉપયોગ કરવાને લગતા હેતુઓ તે જ્ઞાનાત્મક હેતુઓ છે. દા.ત. જોડણી, છંદ કે અન્ય વ્યાકરણ વિષયક મુદ્દો. તે જ્ઞાનને લગતા મુદ્દાઓ છે. વિદ્યાર્થી પાત્રોના નામ યાદ કરીને લખે તે પણ જ્ઞાનનો હેતુ છે.
જ્ઞાનાત્મક હેતુઓને બ્લૂમે કુલ છ વિભાગોમાં વહેંચ્યા છે.

1.મૂલ્યાંકન
2.સંશ્લેષણ
3.વિશ્લેષણ
4.ઉપયોજન
5.સમજ
6.જ્ઞાનપ્રાપ્તિ

ઉપરના છ વિભાગમાં જ્ઞાનપ્રાપ્તિ તે પાયો છે અને અંતિમ બાબત મૂલ્યાંકન દ્વારા નક્કી કરવાનું છે કે શિક્ષણ પ્રક્રિયા યોગ્ય રીતે પાર પડી છે કે કેમ ? જ્ઞાનાત્મક હેતુઓના જે વિભાગો દર્શાવ્યા છે તેમાં સૌથી ઉચ્ચકક્ષાનો હેતુ તે મૂલ્યાંકનનો છે. આ રીતે જ્ઞાનપ્રાપ્તિ એ નિમ્ન સ્તરે આવશે. ક્રમશઃ ચઢતા ક્રમમાં જોઈએ તો....

જ્ઞાનપ્રાપ્તિ →સમજ → ઉપયોજન → વિશ્લેષણ → સંશ્લેષણ → મૂલ્યાંકન

નીચેના સ્તરના હેતુ પર તેનાથી ઉપરના હેતુનો આધાર રહેલો છે. દા.ત, જ્ઞાનપ્રાપ્તિના હેતુ પર સમજના હેતુનો આધાર રહેલો છે. સમજ માટે જ્ઞાનપ્રાપ્તિની જરૂર છે. વિદ્યાર્થી પહેલાં જ્ઞાનપ્રાપ્ત કરશે પછી જ સમજશે. અને સમજશે પછી જ તેનું ઉપયોજન કરશે. હવે આપણે દરેક મુદ્દાને ઊંડાણથી સમજીએ.

જ્ઞાનપ્રાપ્તિ: જ્ઞાનપ્રાપ્તિ એટલે જે તે એકમના વિષયવસ્તુની વિગતો જાણવી, તેને યાદ રાખવી, ઓળખવી, દા.ત. પાત્રોના નામ નીચે લીટી દોરવી, વિરોધી શબ્દ આપવો, રૂઢિપ્રયોગનો અર્થ આપવો વગેરે...

સમજ : પ્રાપ્ત કરેલ જ્ઞાન અંગે સમજ પ્રાપ્ત થઈ છે કે કેમ ? તે નક્કી કરતો હેતુ એટલે સમજનો હેતુ. દા.ત. વિદ્યાર્થી અર્થઘટન કરે, ભાષાંતર કરે, એકમનો સાર લખે, આગાહી કે અનુમાન કરે, યોગ્ય ક્રમમાં લખે, પાત્રના મનોભાવો જણાવે વગેરે બાબતો પરથી ખ્યાલ આવશે કે વિદ્યાર્થીએ જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેની સમજ પણ તેણે મેળવી છે. આ હેતુને અર્થગ્રહણનો હેતુ પણ કહે છે.

ઉપયોજન : ઉપયોજન કરવું એટલે પ્રાપ્ત જ્ઞાનનો ઉપયોગ કરવો. પ્રાપ્ત જ્ઞાનનો નવીન પરિસ્થિતમાં ઉપયોગ થાય તો જ ઉપયોજન કર્યું કહેવાય. દા.ત., નિયમો, સિદ્ધાંતો વગેરેનો વ્યવહારમાં ઉપયોગ કરે, છંદનું જ્ઞાન મેળવ્યા પછી કોઈ પણ કાવ્યપંક્તિમાં રહેલા છંદ ઓળખાવે, રૂઢિપ્રયોગનો અર્થ જાણ્યા પછી તેનો વાક્યમાં ઉપયોગ કરે....વગેરે બાબતોમાં વિદ્યાર્થી મેળવેલ જ્ઞાનનો નવી, અપરિચિત પરિસ્થિતિમાં ઉપયોગ કરે છે.

વિશ્લેષણ (Analysis) : વિશ્લેષણ કરવું એટલે જ્ઞાન કે માહિતીને નાના નાના અંશોમાં વિભાજન કરવું. દા.ત. કોઈ

શૈક્ષણિક મનોવિજ્ઞાન

મનોવિજ્ઞાનની વ્યાખ્યાઓ

- "મનોવિજ્ઞાન એ મનુષ્ય અને પ્રાણીઓના વર્તનનું વિજ્ઞાન છે." **– મોર્ગન અને કિંગ**
- "મનોવિજ્ઞાન એ વાતાવરણના સંદર્ભમાં થતી વ્યક્તિની પ્રવૃત્તિઓનો વૈજ્ઞાનિક અભ્યાસ છે." – **વૂડવર્થ**
- "મનોવિજ્ઞાન વર્તનનું વૈજ્ઞાનિક સંશોધન છે." – **એૅન. એૅલ. મન**
- "મનોવિજ્ઞાન એ વર્તનનું ગુણાત્મક વિજ્ઞાન છે." – **જે. બી. વૉટસન**
- **"મનોવિજ્ઞાન વાતાવરણના સંદર્ભમાં માનવી અને માનવેતર પ્રાણીઓના વ્યકત થતા વર્તનનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે." - એસ.ઈ. ગૅરેટ**
- મનોવિજ્ઞાન માનવીની તમામ માનસિક અને શારીરિક પ્રવૃત્તિઓનો વૈજ્ઞાનિક અભ્યાસ છે." **- હિલગાર્ડ એટકિન્સન**
- "પર્યાવરણના સંદર્ભમાં માનવી અને માનવેતર પ્રાણીઓના વર્તનનો અભ્યાસ કરતું વિજ્ઞાન એટલે મનોવિજ્ઞાન." **- જે. બી. વોટ્સન**

શૈક્ષણિક મનોવિજ્ઞાન :

મનોવિજ્ઞાનનાં તથ્યો અને સિદ્ધાંતોની શિક્ષણકાર્યમાં ઉપયોગ કરતી શાખા એટલે શૈક્ષણિક મનોવિજ્ઞાન. શૈક્ષણિક મનોવિજ્ઞાન અધ્યેતાના વૃદ્ધિ અને વિકાસ, તેમની વચ્ચેના વ્યક્તિગત તફાવતો, શિક્ષણના સિદ્ધાંતો, વ્યક્તિત્વ વિકાસ, અનુકૂલન, અપવાદરૂપ બાળકોનું શિક્ષણ વગેરે જેવી બાબતો પર સંશોધન કરી તેનો વ્યાવહારિક ઉપયોગ સૂચવે છે. કોઈ પણ શિક્ષક શૈક્ષણિક મનોવિજ્ઞાનના જ્ઞાન વગર સારો શિક્ષક ન જ થઈ શકે. શૈક્ષલિક મનોવિજ્ઞાન શિક્ષકને કક્ષા અનુસાર શિક્ષણ, વ્યક્તિગત તફાવતોને અનુરૂપ શિક્ષણ, વર્ગશિક્ષણની સમસ્યાઓના ઉકેલ વિદ્યાર્થીઓના અનુકૂલનના પ્રશ્નો, માનસિક સ્વાસ્થ્યની જાળવણી અને અન્ય અનેક બાબતોમાં દોરવણી પૂરી પાડે છે.

“શૈક્ષણિક મનોવિજ્ઞાનનો મુખ્ય સંબંધ અધ્યયન સાથે છે તે મનોવિજ્ઞાનનું એવું અંગ છે,જે શિક્ષણના મનોવૈજ્ઞાનિક પાસાં અને વૈજ્ઞાનિક સંશોધન સા સાથે વિશેષ રૂપથી સંબંધિત છે.” **- સૉરે અને ટેલફોર્ડ**

શૈક્ષણિક પરિસ્થિતિમાં શૈક્ષણિક અનુભવો અને વર્તનના સંદર્ભમાં શૈક્ષણિક મનોવિજ્ઞાન તેના નિષ્કર્ષોનો વિનિયોગ કરે છે. **- સ્કિનર**

શૈક્ષણિક મનોવિજ્ઞાન શિક્ષણમાંથી સામાજિક પ્રક્રિયા અને મનોવિજ્ઞાનમાંથી તે વર્તન સંબંધી વિજ્ઞાન છે, તેવો અર્થ ગ્રહણ કરે છે. – **સ્કિનર**

શૈક્ષણિક મનોવિજ્ઞાન વ્યક્તિના જન્મથી વૃદ્ધાવસ્થા સુધીના અધ્યયન અનુભવોનું વર્ણન અને સમજૂતી આપે છે. તેથી શૈક્ષણિક મનોવિજ્ઞાનનું કેન્દ્ર માનવીની શૈક્ષણિક પરિસ્થિતિમાં શિક્ષણપ્રાપ્તિ બને છે. – **ક્રો એન્ડ ક્રો**

મનોવિજ્ઞાનના પિતા તરીકે પ્રખ્યાત વર્તનવાદી બી.એફ. સ્કિનરના મત મુજબ શૈક્ષણિક મનોવિજ્ઞાનનો પ્રારંભ એરિસ્ટોટલ ના સમયથી થયો છે પરંતુ તેને મનોવૈજ્ઞાનિક અને શાસ્ત્રીય સ્વરૂપ આપવામાં પેસ્ટોલોજી અને ફ્રોબેલનો ફાળો

માનસિક અભિયોગ્યતા

લોહીનો સંબંધ

સામાન્ય રીતે રકત સબંધો આપણા દૈનિક જીવનમાં આપણે નિભાવી શકીએ છીએ. આ સંબંધો સામાન્ય રીતે સમજવામાં ખૂબ સરળ છે. પણ તેનું નિર્ધારણ કયારેક મુશ્કેલ બની જાય છે, જયારે તેનું નિરૂપણ ગૂંચવણભરી રીતે કે અસ્પષ્ટ રીતે રજુ કરાયેલ હોય. આ પ્રકારના પ્રશ્નોના ઉકેલ માટે આપેલ કથનને વિભાગોમાં વહેંચી વિભાગવાર સંબંધ સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. અને સમસ્યાનું વ્યવસ્થિત વિશ્લેષણ કરવું જોઈએ. આમ કરવાથી તમે થોડા સમયમાં જ સબંધો સમજી શકશો. દા.ત. મારા પિતાના એક માત્ર પુત્ર નો અર્થ હુ પોતે(સ્વયં)થાય. એ જ રીતે ભારતીના પતિના સસરાના પુત્રની એક માત્ર બહેન એટલે ભારતી પોતે આ પ્રકારના પ્રશ્નોમાં વ્યકિતગત પૂર્વધારણા અથવા પૂર્વગ્રહ ધ્યાનમાં લેવા જોઈએ નહી અને પશ્નોમાં જણાવેલી બાબત પર વિશેષ ધ્યાન આપવું જોઈએ. લોહીના સંબંધ પર આધારિત સવાલનો જવાબ આપતાં પહેલાં પશ્નની બધી જ વિગત ધ્યાનથી વાંચવી અને પછી વિચારીને સર્વ પ્રથમ આપેલા સંબંધોને પારસ્પરિક બનાવવા પ્રયત્ન કરવો. બે વ્યકિતઓ વચ્ચે સંબંધ ઓળખતા સમયે બન્ને વ્યકિતની જાતિ બાબતે ધ્યાનથી વિચારવું. મોટા ભાગના વિદ્યાર્થીઓ સીધે સીધો સબંધ તારવવાનો પ્રયત્ન કરે છે અને આમાં જ ભૂલ થાય છે. બે વ્યકિતઓની જાતિ જાણ્યા વિના તેમની વચ્ચેનો સંબંધ ઓળખવો ખૂબ જ અશકય છે. જે નીચેના દ્રષ્ટાંત પરથી ફલિત થાય છે. A અને B નું સંતાન S છે. શું આટલી માહિતી પરથી આપણને ખબર પડે કે A એ B ની માતા છે કે પિતા ? ના,આ શકય નથી.A અને B ની જાતિ વિશેની માહિતી વિના આ વસ્તુ ઓળખવી શકય નથી. આપણે ઉપરની માહિતી પરથી એટલું જ જાણી શકીએ કે સંતાનના માતાપિતા A અને B છે. પણ કોણ માતા અને કોણ પિતા તેની માહિતી મળતી નથી. આમ ઉપરની બાબત પરથી આપણે જાણી શકીએ કે બે વ્યકિતના સંબંધ
જાણવા માટે તે બન્ને વ્યકિતની જાતી જાણવી ખૂબ જ જરૂરી છે.

(૧) આપેલા પ્રશ્નમાં સર્વપ્રથમ એ બે વ્યકિતઓ પસંદ કરો કે જેમની વચ્ચે સંબંધ સ્થાપિત કરવાનો છે.
(૨) પછી એવો સંબંધ સ્થાપિત કરો કે જેના માધ્યમથી બે વ્યકિતઓ વચ્ચેનો સંબંધ જાણી શકાય
(૩) આવી રીતે પ્રશ્નની જરૂરીયાત મુજબ બે વ્યકિતઓની વચ્ચે પ્રત્યક્ષ સંબંધ જાણી શકાય.

<u>આ માટે નીચે દર્શાવેલા સંબંધો યાદ રાખવા જરૂરી છે.</u>

(૧) પિતા અથવા માતાનો પુત્ર - ભાઇ
(૨) પિતા અથવા માતાની પુત્રી -બહેન
(૩) પિતાનો ભાઇ - કાકા અથવા બાપુ
(૪) માતાનો ભાઇ - મામા
(૫) પિતાની બહેન - ફોઇ
(૬) માતાની બહેન - માસી
(૭) માતાની માતા - નાની
(૮) પિતાની માતા - દાદી
(૯) પિતાના પિતા - દાદા
(૧૦) માતાના પિતા - નાના
(૧૧) પુત્રની પત્ની -પુત્રવધૂ
(૧૨) પતિની બહેન - નણંદ
(૧૩) પત્ની બહેન - સાળી
(૧૪) ભાઇનો પુત્ર - ભત્રીજો
(૧૫) ભાઇની પુત્રી -ભત્રીજી
(૧૬) બહેનનો પતિ - જીજાજી
(૧૭) ભાઇની પત્ની - ભાભી
(૧૮) દાદી અથવા દાદીના પુત્ર - પિતા, કાકા, બાપુ
(૧૯) નાની અથવા નાનાનો પુત્ર - મામા
(૨૦) દાદા અથવા દાદીની એકમાત્ર વહુ - મા
(૨૧) દાદા અથવા દાદીની વહુ - મોટી -બા અથવા કાકી
(૨૨) નાના અથવા નાનીની વહુ -મામી
(૨૩) પુત્રીનો પતિ - જમાઇ
(૨૪) માતાની બહેનનો પતિ - માસા
(૨૫) પુત્ર કે પુત્રવધૂની પુત્રી -પૌત્રી
(૨૬) પુત્રવધૂનો પતિ -પુત્ર

લોહીના સંબંધને ધ્યાનમાં લઈને ઘણા પ્રશ્નો પુછાય છે. પણ આ પ્રકારના પ્રશ્નોમાં બહુ અંતર હોતુ નથી. આ પ્રકારના પ્રશ્નોમાં વિદ્યાર્થીઓ નામના આધારે જાતિ નક્કી કરવાની ભૂલ કરતા હોય છે. નામની સાથે જાતિ સંબંધી જાણકારીના આધારે જ વ્યકિતની જાતિની માહિતી મળે છે.આમ નામથી લિંગ, જાતિ નક્કી કરતાં પહેલાંપૂર્ણ જાણકારી ધ્યાનમાં લેવી જોઈએ. હવે આપણે થોડાંક ઉદાહરણો જોઈશુ.

ગુજરાતી વ્યાકરણ

વર્ણ અને અક્ષર રચના

ભાષાઓનું અધ્યયન એના બંધારણના તત્વોને આધારે થાય છે. કોઈપણ ભાષાના બંધારણના મહત્વના ત્રણ ઘટકો છે.

૧. ધ્વનિઓ (વર્ણો)

૨. ધ્વનિઓની મદદથી બનતા શબ્દો.

૩. શબ્દોની મદદથી બનતા વાક્યો : વર્ણ ઉચ્ચારણ ગુજરાતી ભાષામાં કુલ ૩૩ વ્યંજનો અર્થભેદ કરતા ધ્વનિઓ છે. તેમના ઉચ્ચારણોને ધ્યાનમાં રાખી નીચે તેમનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

પ્રકાર	અઘોષ		ઘોષ		સ્પર્શ
	અલ્પપ્રાણ	મહાપ્રાણ	અલ્પપ્રાણ	મહાપ્રાણ	અનુમાસિક
કંઠ્ય (ગળુ)	ક્	ખ્	ગ્	ઘ્	ઙ
મૂર્ધન્ય (મો.)	ટ્	ઠ્	ડ્	ઢ્	ણ્
દંત્ય (દાંત)	ત્	થ્	દ્	ધ્	ન્
ઓષ્ઠય (હોઠ)	પ્	ફ્	બ્	ભ્	મ્
તાલવ્ય (તાળવુ)	ચ્	છ્	જ્	ઝ્	ઞ્
તાલવ્ય	લ્	ળ્	શ્	સ્	હ્
અર્ધતાલવ્ય	ય્	વ્			

દ્વિરુક્ત પ્રયોગો

'દ્વિ' એટલે બે અને 'ઉક્ત' એટલે બોલાયેલુ તે 'દ્વિરુક્ત' એટલે જે બે વખત બોલાય છે તે.

જેમકે - ઠેરઠેર, ગરમગરમ, લાડુબાડુ, ગલ્લાંતલ્લાં, ચોપડીબોપડી, પેનબેન, ભજનબજન, ગીતબીત, દોડાદોડી, ગાળાગાળી.

૧.સંપૂર્ણ દ્વિરુક્તિવાળા પ્રયોગો :

'ઘેરઘેર' , 'માંડમાંડ' , 'મનમાંમનમાં' , 'પાંચપાંચ' જેવા શબ્દપ્રયોગોમાં એકનું એક રૂપ સમગ્ર રૂપમાં બેવડાય છે. આવા પ્રયોગો સંપૂર્ણ દ્વિરુક્તિવાળા પ્રયોગો કહેવાય.

૨. અમુક અંશના લોપવાળી દ્વિરુક્તિ

કેટલાક દ્વિરુક્ત પ્રયોગોમાં એકનું એક રૂપ બેવડાતું હોય પણ એમાંથી કોઈ ધ્વનિનો લોપ થયો કહેવાય જેમકે, 'આટઆટલું ', એમાં 'આટલું આટલું ' ને સ્થાને 'લું' ધ્વનિનો લોપ થઈને 'આટઆટલું ' દ્વિરુક્ત પ્રયોગ થયો છે. દા.ત. કેટકેટલું

૩. પ્રાસતત્ત્વવાળા દ્વિરુક્ત પ્રયોગ

કેટલાક દ્વિરુક્ત પ્રયોગ પ્રાસ અર્થે પ્રયોજાયેલા હોય. એમાં બે રૂપ જોડાય ત્યારે કાં તો બંને રૂપ સાર્થક હોય, કાંતો આગળનું રૂપ સાર્થક હોય અને પાછળનું રૂપ માત્ર પ્રાસ માટે પ્રયોજાતું હોય અથવા તો પાછળનું રૂપ સાર્થક હોય અને આગળનું રૂપ પ્રાસ માટે પ્રયોજાતું હોય , એવી રીતની વિભિન્ન પ્રકારની દ્વિરુક્તિઓ જોવા મળે છે, જેમકે : બંને રૂપ સાર્થક હોય - તોડફોડ, ચટતીપટતી, આવકજાવક, ખાંધું પીધું વગેરે.

પ્રથમ રૂપ સાર્થક હોય અને બીજું માત્ર પ્રાસ માટે પ્રયોજાતું હોય તેવા શબ્દોઃ અંતરમંતર, આડોશીપાડોશી, આજુબાજુ વગેરે.

૪. સંયોજકોવાળા દ્વિરુક્ત પ્રયોગો :

ગુજરાતી સાહિત્ય


લેખક અને ઉપનામ

પ્રેમસખી	પ્રેમાનંદ સ્વામી
અઝિઝ	ધનશંકર ત્રિપાઠી
અદલ	અરદેશર ખબરદાર
અનામી	રણજિતભાઈ પટેલ
અજ્ઞેય	સચ્ચિદાનંદ વાત્સ્યાયન
ઉપવાસી	ભોગીલાલ ગાંધી
ઉશનસ્	નટવરલાલ પંડ્યા
કલાપી	સુરસિંહજી ગોહિલ
કાન્ત	મણિશંકર ભટ્ટ
કાકાસાહેબ	દત્તાત્રેય કાલેલકર
ઘનશ્યામ	કનૈયાલાલ મુનશી
ગાફિલ	મનુભાઈ ત્રિવેદી
ચકોર	બંસીલાલ વર્મા
ચંદામામા	ચંદ્રવદન મેહતા
જયભિખ્ખુ	બાલાભાઈ દેસાઈ
જિપ્સી	કિશનસિંહ ચાવડા
ઠોઠ નિશાળીયો	બકુલ ત્રિપાઠી
દર્શક	મનુભાઈ પંચોળી
દ્વિરેફ, શેષ, સ્વૈરવિહારી	રામનારાયણ પાઠક
ધૂમકેતુ	ગૌરીશંકર જોષી
નિરાલા	સૂર્યકાન્ત ત્રિપાઠી
પતીલ	મગનલાલ પટેલ
પારાશર્ય	મુકુન્દરાય પટણી
પ્રાસન્નેય	હર્ષદ ત્રિવેદી
પ્રિયદર્શી	મધુસૂદન પારેખ
પુનર્વસુ	લાભશંકર ઠાકર
પ્રેમભક્તિ	કવિ ન્હાનાલાલ
ફિલસુફ	ચીનુભઈ પટવા
બાદરાયણ	ભાનુશંકર વ્યાસ
બુલબુલ	ડાહ્યાભાઈ દેરાસરી
બેકાર	ઈબ્રાહીમ પટેલ
બેફામ	બરકતઅલી વિરાણી
મકરંદ	રમણભાઈ નીલકંઠ
મસ્ત, બાલ, કલાન્ત	બાલશંકર કંથારિયા
મસ્તકવિ	ત્રિભુવન ભટ્ટ
મૂષિકાર	રસિકલાલ પરીખ
લલિત	જમનાશંકર બૂચ
વનમાળી વાંકો	દેવેન્દ્ર ઓઝા
વાસુકિ	ઉમાશંકર જોષી
વૈશંપાયન	કરસનદાસ માણેક
શયદા	હરજી દામાણી
શિવમ,સુંદરમ્	હિંમતલાલ પટેલ
શૂન્ય	અલીખાન બલોચ
શૌનિક	અનંતરાય રાવળ
સત્યમ્	શાંતિલાલ શાહ
સરોદ	મનુભાઈ ત્રિવેદી
સવ્યસાચી	ધીરુભાઈ ઠાકોર
સાહિત્ય પ્રિય	ચુનીલાલ શાહ
સેહેની	બળવંતરાય ઠાકોર
સુધાંશુ	દામોદર ભટ્ટ
સુન્દરમ્	ત્રિભુવનદાસ લુહાર
સોપાન	મોહનલાલ મેહતા
સ્નેહરશ્મિ	ઝીણાભાઈ દેસાઈ

અંગ્રેજી ગ્રામર

Noun

(1) **Noun એટલે નામ અથવા નામને સ્થાને વપરાતો શબ્દ :** કોઈ વ્યક્તિ, કોઈ વસ્તુ, સ્થળ, ગુણ, દિશા, અથવા પરિસ્થિતિના નામને નાઉન તરીકે ઓળખી શકાય.
નામના વિભિન્ન સ્વરૂપોને લક્ષમાં રાખીને અલગ-અલગ રીતે વર્ગીકૃત કરી શકાય.



Explanation with Example :

(1) Proper Noun : એવી નામ વાચક સંજ્ઞા કે જેમાં ચોક્કસ નામ, વસ્તુ કે સ્થળો વગેરેનો ઉલ્લેખ કરાયેલ હોય.

Ex. : Proper Place : Ahmedabad, Rajkot, Surat
Proper Person : Aman, Chandani, Sheela

(2) Common Noun : જે સામાન્ય વ્યક્તિ કે વ્યક્તિઓનો વર્ગ, કે સામાન્ય સ્થળ, વસ્તુ કે જાતિવાચક નામને Common Noun માં સમાવી શકાય.

Ex. : Common Place : Tajmahal, Town, School
Common Person : Child, Man, Gender
Common Things : Pekhn, glass, spactacles etc.

(3) Gender : (જાતિ)
જાતિના ત્રણ પ્રકાર પાડી શકાય.
૧. નર જાતિ (Masculine)
Ex. boy, tiger, ox, king
૨. નારી જાતિ (Feminine)
Ex. girl, princess, queen, lioness etc.
૩. નાન્યતરજાતિ (નપુંસકલીંગ-નિર્જિવ વસ્તુ)(Neuter)
Ex. glass, jug, pen, table, board etc.

(4) Collective Noun : અહીં વ્યક્તિઓ વસ્તુઓ કે કોઈ સમૂહ દર્શાવવા માટે વપરાય છે.
Group of Persons : A head of cattle.
A group of Students

જનરલ નોલેજ

ગુજરાત વિશે મહત્વની બાબતો

- ગુજરાત ભારતની પશ્ચિમ દિશા પર આવેલ છે.
- ભૌગોલિક સ્થાન : ભારતના પશ્ચિમ કિનારે ૨૦.૧° ઉતર અક્ષાંક્ષવૃત થી ૨૪.૭° ઉતર અક્ષાંક્ષવૃત
  અને ૬૮.૪°પૂર્વ રેખાંશવૃત થી ૭૪.૪°પૂર્વ રેખાંશવૃત
- ગુજરાતની પૂર્વથી પશ્ચિમ લંબાઈ ૫૦૦ કિ.મી. છે જ્યારે ઉત્તરથી દક્ષિણ ૫૯૦ કિ.મી. છે.
- ગુજરાતનો સૌથી મોટો જિલ્લો કચ્છ છે. જેનો વિસ્તાર ૪૫૬૫૨ ચો.કિ.મી. છે.
- નળસરોવર ગુજરાતનું સૌથી મોટુ સરોવર જેનું ક્ષેત્રફળ ૧૮૬ ચો.કિ.મી. છે.
- ગુજરાતમાં ૪ નેશનલ પાર્ક છે અને ૨૧ જેટલા અભ્યારણ્યો છે.
- ગુજરાતમાં સૌ પ્રથમ રાષ્ટ્રપતિ શાસન ૧૯૭૧-૭૨ માં લાગુ પડ્યું હતુ તે વખતે રાજ્યપાલ શ્રીમન્નારાયણ હતા.
- ખનીજ સંપતિમાં ગુજરાત , ફલોસ્પાર, અકીક ,ચોક અને ચુનાવાળી રેતીના ઉત્પાદનમાં ભારતમા પ્રથમ સ્થાને છે.
- બાજરી અને મગફળીના ઉત્પાદનમા ગુજરાત ભારતમાં પ્રથમ સ્થાને છે.
- ગુજરાતની સૌથી લાંબી નદી સાબરમતી છે. જેની લંબાઈ ૩૨૧ કિં.મી છે. જે ઢેબર સરોવરની બાજુથી નીકળીને છેલ્લે ખંભાતના અખાતને મળે છે.
- ગુજરાતમાં નાનામોટા ૪૦ બંદરો આવેલા છે. જેમાં કંડલા સૌથી મોટુ બંદર છે. જે ભારતમાં મુંબઈ પછી બીજા નંબરનું મોટુ બંદર છે.
- ભરૂચ પાસે નર્મદા નદી પર આવેલ ગોલ્ડન બ્રીજ ગુજરાતનો સૌથી લાંબો પૂલ છે. જેની લંબાઈ ૧૪૩૦ મીટર છે.
- નર્મદા નદી પર સરદાર સરોવર બંધની ઉંચાઈ ૧૩૮.૬૪ મીટર કરવામાં આવી છે.
- સાપુતારા (જિ.ડાંગ) એ ગુજરાતનું એકમાત્ર ગીરી મથક છે.
- ગુજરાતમાં કુલ ૧૭ મહાનગર પાલિકાઓ છે.(૧) અમદાવાદ (૨) ભાવનગર (૩) સુરત (૪) વડોદરા
  (૫) ગાંધીનગર (૬) જુનાગઢ (૭) જામનગર (૮) રાજકોટ
  (૯) મહેસાણા (૧૦)ગાંધીધામ (૧૧)વાપી (૧૨)નવસારી,
  (૧૩)આણંદ (૧૪)સુરેન્દ્રનગર (૧૫)નડીયાદ (૧૬)મોરબી,
  (૧૭) છાયા-પોરબંદર
- ગુજરાતમાં રેલવેની શરૂઆત ઈ.સ.૧૮૫૫ માં ઉતરાણ અને અંકલેશ્વર વચ્ચે થઈ હતી.
- ગુજરાતમાં સૌ પ્રથમ રેડિયો કેન્દ્ર ઈ.સ.૧૯૩૯ માં વડોદરાના સયાજીરાવ ગાયકવાડે શરૂ કર્યુ હતુ.
- ગુજરાતમાં દુરદર્શનની શરૂઆત ૧૯૭૫ માં ખેડા જિલ્લાના પીજ કેન્દ્ર ખાતે થઈ હતી.
- ગુજરાતના ૧૫ જિલ્લાની સરહદ દરીયા કિનારા સાથે જોડાયેલી છે.

ગુજરાતમાં

લોકસભાની બેઠકો	- ૨૬
રાજ્યસભાની બેઠકો	- ૧૧
વિધાનસભાની બેઠકો	- ૧૮૨
કુલ જિલ્લાઓ	- ૩૪
કુલ તાલુકાઓ	- ૨૬૭
કુલ ગામડાઓ	- ૧૮૫૧૨
કુલ નગરપાલીકાઓ	- ૧૪૯

રાજ્ય પ્રાણી	- સિંહ
રાજ્યપક્ષી	-સુરખાબ
રાજ્યવૃક્ષ	- આંબો
સૌથી વધુ વસ્તી ધરાવતો જિલ્લો	- અમદાવાદ
સૌથી ઓછી વસ્તી ધરાવતો જિલ્લો	- ડાંગ
સૌથી મોટો વિસ્તાર ધરાવતો જિલ્લો	- કચ્છ
સૌથી ઓછો વિસ્તાર ધરાવતો જિલ્લો	- ડાંગ
સૌથી લાંબો દરિયાકાંઠો ધરાવતો જિલ્લો	- કચ્છ

બંધારણ

ભારતના દરેક નાગરિકની મૂળભૂત ફરજો(૫૧A)

ઘણાં લોકો સમજતા હોય છે કે દેશ ચલાવવો એ માત્ર સરકારની જ ફરજ છે !!! પણ એવુ નથી. મિત્રો, દેશના બંધારણમાં દરેક નાગરિકને તેના હક સામે કેટલીક ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આપણે આપણાં હક પ્રત્યે વધારે જાગૃત બન્યા છીએ. પરંતુ દેશ પ્રત્યેની ફરજ નિભાવવી એ પણ દરેક નાગરિકનુ કર્તવ્ય છે. ભારતમાં જુજ લોકો સિવાય કોઈ નાગરિકને તેની દેશ પ્રત્યેની ફરજનો ખ્યાલ જ નથી અથવા ભુલી ચુકયા છે. તેથી માત્ર જાણ ખાતર અહી રજુ કરી રહ્યો છું. ભારતના દરેક નાગરિકની મૂળભૂત ફરજો નીચે પ્રમાણે છે :

ક. સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

ખ. આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની

ગ. ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની ;

ઘ. દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની ;

ઙ. ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃધ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની ;

ચ. આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વરસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની ;

છ. જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનુ જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની ;

જ. વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની ;

ઝ. જાહેર મિલકતનુ રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની ;

ઞ. રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતુ રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃતિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

ભારતનું બંધારણ દુનિયાનું સૌથી મોટું લેખિત બંધારણ છે. ભારતનું બંધારણ ઘડવા માટે બંધારણ સભાની રચના ૧૯૪૬ માં કેબીનેટ મિશન યોજના દ્વારા કરવામાં આવી. તેમાં કુલ ૩૮૯ સભ્યો હતા. ૧૧ ઓગષ્ટ ૧૯૪૬ ના રોજ ડૉ.રાજેન્દ્રપ્રસાદ ને કાયમી અધ્યક્ષ તથા એસ.સી.મુખર્જી ને ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા તથા સર બી.એન.રાવની સલાહકાર તરીકે નિમણુંક કરવામાં આવી. બંધારણ માટે કુલ ૨૨ સમીતીઓ રચવામાં આવી. જેમાં બંધારણનો મુસદ્દો તૈયાર કરવાની કમીટી (ખરડો સમિતિ) ના અધ્યક્ષ તરીકે ડૉ.બી.આર.આંબેડકરની નિમણુંક કરવામાં આવી. બંધારણ ૨૬ નવેમ્બર ૧૯૪૯ ના રોજ તૈયાર થયું. બંધારણ ઘડવામાં ૨ વર્ષ ૧૧ માસ અને ૧૮ દિવસ લાગ્યા. તેનો અમલ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ થયો.

બંધારણમાં કુલ ૨૪ ભાગો ૪૪૪ અનુચ્છેદ તથા ૧૨ અનુસુચી છે. બંધારણની શરૂઆત તેના આમુખથી થાય છે. જેમાં બંધારણના ઉદ્દેશ આપવામાં આવ્યો છે. જે ૧૩ ડિસેમ્બર ૧૯૪૬ ના રોજ જવાહરલાલ નહેરૂ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આમુખમાં ૪૨ માં સંશોધન દ્વારા ૧૯૭૬ માં સમાજવાદી તથા ધર્મનિરપેક્ષ શબ્દ જોડવામાં આવ્યો.

આમુખ

અમે ભારતનાં લોકો ભારતને સાર્વભોમ, સમાજવાદી, બિન સંપ્રદાયિક લોકશાહી, પ્રજાસત્તાક બનાવવાનું અને દેશના તમામ નાગરીકોને સામજિક , આર્થિક, રાજકીય ન્યાય, વિચાર , અભિવ્યક્તિ , વિશ્વાસ, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા તક અને દરજ્જોની સમાનતા નિર્ધારીત કરવાનો તેમજ તેઓમાં વ્યક્તિનું ગૌરવ તેમજ દેશની એકતા અને અખંડિતતાની ખાતરી આપતી બંધુતા વિકસાવવાનો દ્રઢતાપુર્વક નિર્ણય કરીને, ૨૬ મી નવેમ્બર ૧૯૪૯ ના રોજ આ બંધારણ સભામાં આ બંધારણ અપનાવીને અમે અમારી જાતને સમર્પિત કરીએ છીએ.

ભૂગોળ

નકશો :

પૃથ્વીના કોઈ પણ ભાગનું સપાટ કાગળ પરનું આલેખન હોય તેને આપણે 'નકશો' કહીએ છીએ. નકશાની મદદથી જે તે પ્રદેશનું સાચું ચિત્ર જાણી શકાય છે. નકશો જે તે પ્રદેશની મહત્વની બાબત દર્શાવે છે. નકશો તૈયાર કરવા કે તેને સમજવા માટે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે.

નકશાની આ ચાવીરૂપ બાબતોને નકશાનાં અંગો કહે છે.

(૧) દિશાસૂચન (૨) રૂઢસંજ્ઞાઓ (૩) પ્રમાણમાપ

દિશાસૂચન :

નકશામાં એક ખૂણે તીર દોરેલું હોય છે તીર નકશાની ઉત્તર દિશા સૂચવે છે. ઉત્તર દિશા જાણ્યા પછી બાકીની દિશાઓ સરળતાથી જાણી શકાય છે.નકશા સામે ઊભા રહીએ તો જમણા હાથ તરફની દિશા તે નકશાની પૂર્વ દિશા અને ડાબા હાથ તરફની દિશા તે નકશાની પશ્ચિમદિશા હોય છે. નકશાની નીચેની તરફની દિશા તે નકશાની દક્ષિણ દિશા હોય છે.

રૂઢસંજ્ઞા :

નકશાનો સારી રીતે ઉપયોગ કરવા માટે નકશામાં આપેલી વિગતો શોધતાં આવડવી જોઈએ. આ માટે નકશામાં વપરાતી વિવિધ સંજ્ઞાઓ અને રંગોની માહિતી મેળવવી પડે. ભૌગોલિક માહિતીને મૂળ સ્વરૂપે રજૂ કરવી શક્ય નથી. આથી નકશામાં જે તે માહિતીને અનુરૂપ રૂઢસંજ્ઞાઓ દ્વારા દર્શાવવામાં આવે છે. આ રૂઢસંજ્ઞાઓનું અર્થઘટન આંતરરાષ્ટ્રીય ધોરણે એકસરખું કરવામાં આવે છે. વિવિધ પ્રદેશોના ભૂપૃષ્ઠની ઊંચાઈ પણ નકશામાં યથાસ્વરૂપે દર્શાવવી શક્ય નથી. ભૂપૃષ્ઠની ઊંચાઈ દર્શાવવા વિવિધ રંગોનો ઉપયોગ થાય છે. સમુદ્રનાં પાણીની સપાટીથી ઊંડાઈ દર્શાવવા માટે પણ રંગોનો ઉપયોગ થાય છે. નકશામાં ભૌગોલિક વિગતો સંજ્ઞા દ્વારા રજૂ કરવામાં આવે છે. નકશામાં આપેલી સંજ્ઞા ચિત્રરૂપે અથવા અંગ્રેજી મૂળાક્ષરો દ્વારા દર્શાવેલી હોય છે. નદી, પર્વત, સડક, રેલમાર્ગ, નકશાની દિશા, જિલ્લાની સરહદ, રાજ્યની સરહદ, આંતરરાષ્ટ્રીય સરહદ, શહેરો વગેરે વિગતો રૂઢસંજ્ઞા રૂપે દર્શાવવામાં આવે છે. નકશામાં ખૂબ ઊંચા પહાડો દર્શાવવા રાતો કે જાંબુડિયો રંગ, બરફથી છવાયેલા પહાડોનાં શિખરો દર્શાવવા સફેદ રંગ, પર્વતો દર્શાવવા બદામી(કથ્થઈ) રંગ, ઉચ્ચપ્રદેશો દર્શાવવા પીળો રંગ તથા મેદાન દર્શાવવા લીલો રંગ વપરાય છે. પાણીનો પ્રદેશ દર્શાવવા વાદળી રંગનો ઉપયોગ થાય છે.

પ્રમાણમાપ :

પૃથ્વીના અલગ અલગ ભાગનો નકશો બનાવવા માટે ચોક્કસ માપ લઈને નકશો બનાવવામાં આવે છે. નકશો બનાવવા માટે લીધેલા માપને પ્રમાણમાપ કહેવાય છે. અહીં દર્શાવ્યા મુજબ પ્રમાણમાપ '૦' (શૂન્ય) પર 'A' અને '૧૦૦' પર 'B' લખ્યું છે. A અને B વચ્ચે ૧ સેમીનું અંતર છે.આ પ્રમાણમાપને આધારે કહી શકાય કે નકશામાં બે સ્થળો વચ્ચેનું અંતર ૧ સેમી દર્શાવેલું હોય તો વાસ્તવમાં તે બે સ્થળો વચ્ચેનું અંતર ૧૦૦ કિમી છે. એમ નક્કી કરી શકાય.આ રીતે પ્રમાણમાપ દ્વારા આપણે જમીનનું વાસ્તવિક અંતર જાણી શકીએ છીએ.

રાજકીય નકશો :જે તે પ્રદેશનાં ગામ અને શહેરનાં સ્થાન, નામ તથા સીમાઓ દર્શાવતો નકશો.

પ્રાકૃતિક નકશો : વરસાદ, ઊંચી, જંગલો, જમીન, પર્વતો, સમુદ્ર, નદી, મેદાન અને રણપ્રદેશ દર્શાવતો નકશો.

ઔદ્યોગિક નકશો : કેમિકલ, ટેક્ષટાઈલ, એન્જિનિયરિંગ જેવાં ઔદ્યોગિક ક્ષેત્રો - એકમ દર્શાવતા નકશા જરૂરિયાત મુજબની માહિતી દર્શાવતો નકશો (જેમ કે વસતી, સાક્ષરતા વગેરે)

ગુજરાતનાં સ્થાન, સીમા અને ભૂપૃષ્ઠ

ગુજરાત પશ્ચિમ ભાગમાં અરબસાગરને કિનારે આવેલું રાજ્ય છે.ગુજરાતને બે પ્રકારની સીમાઓ છે.

(૧) જમીન સીમા (૨)દરિયાઈ સીમા.

(૧) જમીન સીમા :

ગુજરાતની જમીન સીમાએ તેનાં પડોશી રાજ્યો આવેલા છે. જેમાં ગુજરાતની ઉત્તરે રાજસ્થાન, પૂર્વમાં મધ્યપ્રદેશ અને દક્ષિણ દિશાએ મહારાષ્ટ્ર રાજ્ય આવેલું છે.ગુજરાતની જમીન સીમાએ દમણ અને દીવ તથા દાદરા નગર હવેલી જેવા કેન્દ્રશાસિત પ્રદેશો પણ આવેલા છે.આ ઉપરાંત ગુજરાતની વાયવ્ય સીમાએ પાકિસ્તાન દેશ આવેલો છે. પાકિસ્તાન આપણો પડોશી દેશ

ગુજરાતમાં શાસન

મૌર્યયુગ - (ઈ.સ.પૂ.૩૨૨ થી ઈ.સ.પૂ.૧૮૫)

- ગુજરાતનો પ્રમાણિત ઈતિહાસ મોર્યયુગના સમયથી શરૂ થાય છે.
- ઈ.સ.પૂ.૩૧૯ માં ચંદ્રગૃપ્તના સુબા પુષ્યગુપ્તે ગિરનારમાં 'સુદર્શન' તળાવ બંધાવ્યુ હતુ. ગિરનારમાં અશોકનો શિલાલેખ જોવા મળે છે. જે બ્રાહ્મી લીપીમાં છે.

શક ક્ષત્રપ યુગ

- મોર્ય યુગ પછી ગુજરાત માં ક્ષત્રપ રાજાઓ એ શાસન શરૂ કર્યુ. તેમાં મહાન રાજા રૂદ્રદામાં થઈ ગયો. પુષ્યગુપ્તે બનાવેલા સુદર્શન તળાવને રૂદ્રદામાના સુબા સુવિશાખે સમારકામ કરાવ્યુ. ક્ષત્રપના રૂદ્રસિંહને ચંદ્રગુપ્ત બીજા એ હરાવીને ગુપ્ત શાસનો પાયો નાખ્યો. આ સમય દરમિયાન ઈ.સ.૭૮ મા શક સવંતની શરૂઆત થઈ હતી. જે હાલમાં ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય પંચાગ તરીકે સ્વિકૃતિ પામ્યુ છે.

ગુપ્ત યુગ (ઈ.સ.૪૦૦ થી ઈ.સ.૪૬૦)

- ઈ.સ. ૪૦૦માં ચંદ્રગુપ્ત બીજા (વિક્રમાદિત્ય) એ શાસન ની શરૂઆત કરી. ગુજરાતમાં તે સમયે રાજધાની ગીરીનગર હતી. ગિરનાર માં સ્કંદ ગુપ્ત નો શિલાલેખ છે. ઈ.સ. ૪૫૫ માં સ્કંદ ગુપ્તના સુબા પક્રપાલિએ સુદર્શન તળાવનું સમાર કામ કરાવ્યું હતું ઈ.સ.૪૬૦ માં સ્કંદ ગુપ્તના અવસાન પછી મૈત્રક યુગની શરૂઆત થઈ

મૈત્રક યુગ (ઈ.સ.૪૭૦ - ૭૮૮)

- ગુપ્ત સામ્રાજ્યના મૈત્રકવંશના સેનાપતી ભટાર્કે ઈ.સ.૪૭૦માં પોતાને સ્વતંત્ર જાહેર કરી ગીરીનગરથી રાજધાની વલ્લભીપુર ખસેડી મૈત્રક વંશનો બીજો રાજા ગૃહસેન તેના દાનપત્રોથી પ્રજામાં ખુબજ લોકપ્રિય બન્યો હતો. ધ્રુવસેન બીજા વખતે ઈ.સ. ૬૪૦ માં ચીનનો યાત્રી હ્યુ-આન-સાંગ વલભી વિદ્યાપીઠની મુલાકાતે આવ્યો હતો. ઈ.સ.૭૮૮ માં આરબ હિશામે વલભી ઉપર આક્રમણ કરીને મૈત્રક યુગનો અંત આણ્યો.

ચાવડા વંશ - ઈ.૭૪૬ થી ૯૪૨

- ચાવડા વંશના રાજ્યની સ્થાપના જયશીખરી ચાવડાના પુત્ર વનરાજ ચાવડાએ કરી હતી. તેણે રાજા ભુવડના હાથમાંથી રાજ પાછુ મેળવીને પાટણને રાજધાની બનાવી . તેણે પાટણમાં જૈન ધર્મનું પંચસરા પાર્શ્વનાથ દેરાસર બંધાવ્યુ હતુ. ચાવડા વંશના છેલ્લા રાજા સામંતસિંહ હતા. તે પોતાના ભાણેજ મૂળરાજને સાથે રાખતો હતો. મૂળરાજે સામંતસિંહની હત્યા કરી પાટણમાં સોલંકી વંશની સ્થાપના કરી હતી.

સોલંકી યુગ ઈ.સ.૯૪૨ થી ૧૨૪૪

- મૂળરાજ સોલંકીએ ઈ.સ.૯૪૨ માં સોલંકી વંશનો પાયો નાખ્યો. સોલંકી યુગ ગુજરાતનો સુવર્ણ યુગ માનવામાં આવે છે. મૂળરાજે સિધ્ધપુરમાં રૂદ્રમહાલય બનાવ્યો હતો. ઈ.સ. ૧૦૨૨ માં ભીમદેવ પહેલાએ પાટણની ગાદી સંભાળી ૧૦૨૬ માં મહમુદ ગઝનવી એ સોમનાથ - પ્રભાસ પાટણ મંદીરમાં બેફામ લૂંટ ચલાવીને શિવલીંગનો નાશ કર્યો. ભીમદેવે ૧૦૨૭ માં ફરીથી પથ્થરનું સોમનાથનું મંદીર બનાવડાવ્યું. તેણે મોઢેરાનું સૂર્યમંદિર પણ બનાવડાવ્યું હતું. ભીમદેવના આબુના દંડનાયક વિમલમંત્રી એ આબુમાં આદિનાથનું આરસનું મંદિર બનાવ્યુ હતું.
- ઈ.૧૦૬૪ માં કર્ણદેવ સોલંકીએ રાજગાદી સંભાળી તેણે ઘણા બધા પ્રદેશો જીત્યા હતા. ૧૦૯૪ થી સોલંકી વંશનો સૌથી પરાક્રમી રાજા સિધ્ધરાજ જયસિંહ પાટણના રાજા બન્યા. તેણે જુનાગઢ ના રા'ખેંગારને હાર આપી હતી તથા માળવાના રાજા યશોવર્માને હરાવીને 'અવંતિનાથ ' નું બિરૂદ ધારણ કર્યું હતું. તેણે પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ બંધાવ્યુ હતું. તેણે રૂદ્રમહાલયનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો. તેની પ્રેરણાથી હેમચંદ્રાચાર્યે ''સિંધ્ધહેમ શબ્દાનુ શાસન '' નામનો વ્યાકરણ ગ્રંથ લખ્યો હતો. કુમારપાળે ૧૧૪૩ માં રાજ સંભાળ્યુ તેણે ધાર્મિક સ્થળોનો વિકાસ કર્યો. તેને ગુજરાતના અશોક નું બિરૂદ મળ્યુ.
- ભીમદેવ બીજાએ ઈ.સ.૧૧૭૮ થી ૧૨૪૨ સુધી ૬૩ વર્ષ સુધી રાજ કર્યુ. તેના સમયમાં સોલંકીની સત્તા નબળી પડી ઈ.સ.૧૨૪૪ માં છેલ્લા રાજા ત્રિભુવનપાળનું અવસાન થતા સોલંકી વંશનો અસ્ત થયો.

સામાન્ય વિજ્ઞાન

માનવ શરીર વિશે

- માનવ શરીરના મુખ્ય ત્રણ ભાગ છે. માથુ, ધડ, હાથપગ
- આંખ, કાન, નાક, જીભ, ચામડી, આ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે.
- માનવ શરીરનો મૂળભુત એકમ કોષ છે.
- શરીરનું સામાન્ય તાપમાન ૩૭ સે.(૯૮.૪ ફે.) હોય છે.
- માનવ શરીર માં ૬૬ % જેટલું પાણી હોય છે.
- માનવ શરીર કાર્બન, હાઈડ્રોજન, ઓક્સીજન, નાઈટ્રોજન, ફોસ્ફરસ, અને લોખંડનું બનેલું હોય છે.
- શરીરની નાડીના ધબકારા દર મિનિટે ૭૫ થી ૮૫ હોય છે.
- શરીરનો સૌથી મોટો અવયવ યકૃત છે.
- શરીરના રક્તકણો હાડકાના પોલાણમાં બને છે. જેમાં દર સેકંડે ૧૦૦ લાખ રક્ત કણો ઉત્પન્ન થાય છે.
- માનવ શરીરમાં બરોળએ પિત ઉત્પન્ન કરતું અવયવ છે.
- સામાન્ય પુરૂષનું મગજનું વજન ૧૩૫૦ ગ્રામ હોય છે.
- ગેલેસેપ્ટિક કોષનું સૌથી સુક્ષ્મ કદ હોય છે. જે ૦.૧ માઈક્રોન છે.
- રંગદ્રવ્ય અને કોષ કેન્દ્રીકા કોષ કેન્દ્રના મુખ્ય ઘટકો છે.
- કોષ રસપટલ કોષમાં પ્રવેશતા અને બહાર નિકળતા દ્રવ્યોનું નિયમન કરે છે.
- લાયસોઝોમ્સ ને કોષની આત્મઘાતી કોથળી કહે છે.
- કણાભસૂત્ર કોષનું શક્તિઘર કહેવાય છે.
- માનવ શરીરમાં કરોડના કુલ ૩૨ મણકા હોય છે.
- નાનુ મગજ શરીરનું સમતોલન જાળવે છે.
- પ્રોટીનથી આપણા શરીરની વૃદ્ધી થાય છે.
- રક્તકણોનું આયુષ્ય ૧૨૦ દિવસનું હોય છે.
- ચેતાકોષએ શરીરનો સૌથી મોટો કોષ છે.
- માનવ શરીરમાં રંગસુત્રોની સંખ્યા ૪૬ હોય છે.

સામાન્ય વિજ્ઞાન - ૧

- ધમની :- હદયમાંથી શરીરના અંગો તરફ વહન કરતી રૂધિરવાહિનીને ધમની કહે છે. ધમનીની દીવાલ જાડી અને સ્થિતિ સ્થાપક હોય છે. ધમની માં ઓક્સિજન યુક્ત શુદ્ધ લોહી હોય છે.
- શીરા : - અંગોમાંથી રૂધિર એકત્રિત કરી હદય તરફ જતી રૂધિરવાહિનીને શીરા કહે છે.
- રૂધિર કોશિકા : - ધમનીકા પેશીકોષો ની આજુબાજુ સાંકડા વ્યાસ વાળી પાતળી દિવાલયુક્ત સુક્ષ્મવાહિકાઓ હોય છે.જેને રૂધિર કોશિકા કહે છે.

- <u>મસ્તિષ્કના ભાગો : -</u>

-બૃહદ મસ્તિષ્ક : - આ વિકસીત ભાગ છે. જ્યાં બુદ્ધિમત્તા, ઈચ્છાશક્તિ , ઐચ્છિક ગતિઓ, જ્ઞાન , વાણી, ચિતંન , સ્મૃતી નું કેન્દ્ર છે. જ્ઞાનેન્દ્રિયોથી પ્રાપ્ત થયેલી પ્રેરણાઓનું વિશ્લેષણ અને સમન્વયનું કાર્ય કરે છે.
- થેલેમસ : - ગરમ ,ઠંડા તથા દર્દ નો અનુભવ કરે છે.
-હાઈપોથેલેમસ : - હોર્મોનનું નિયંત્રણ કરે છે. ભૂખ , તાપ , તરસ , પ્રેમ ,ધૃણાની સંવેદના કરે છે. લોહીનું દબાણ , પાણીનું ઉપાપચય, પરસેવો ,ગુસ્સો , ખુશી
-મધ્ય મસ્તિષ્ક : - માં દ્રષ્ટિ , શ્રવણ અને સ્પર્શ ના સંવેદી કેન્દ્રો આવેલા છે.
-અનુમસ્તિષ્ક :- અનુમસ્તિષ્ક માં બે ભાગ છે.
-સેરેબેલમ : - શરીરનું સંતુલન અને ઐચ્છિક પેશીઓનું નિયંત્રણ , આંતરિક કાનના,સંતુલિત ભાગ થી સંવેદના મેળવે છે.
-લંબમજ્જા : - આ સૌથી પાછળનો ભાગ છે. મુખ્યકાર્ય ઉપાપચય . રક્તદાબ , અન્નનળીના સ્રાવ તથા હદય ના ધબકારા નું નિયંત્રણ કરે છે. છીંક , ખાંસી , શ્વાસોછશ્વાસનું નિયમન કરે છે.

TAT- S 2023 QUETION PAPER

(1) ભારતીય બંધારણમાં આપેલ મૂળભૂત ફરજોમાં માતા-પિતાએ અથવા વાલીએ, છ વર્ષથી ચૌદ વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા યથાપ્રસંગ, પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની જોગવાઈ સંવિધાનના છ્યાંસીમાં સુધારાથી કઈ કલમમાં આ ખંડ ઉમેરવામાં આવેલ છે ?
(A) કલમ - 11 (B) કલમ - 2 (C) કલમ - 86 (D) કલમ - 4

(2) મહાદેવભાઈ દેસાઈનું જીવનચરિત્ર ''અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ''ના લેખક કોણ છે ?
(A) માણભટ્ટ (B) નારાયણ દેસાઈ (C) જયશંકર દેસાઈ (D) મહાદેવ દેસાઈ

(3) ''હરિનો મારગ છે શૂરાનો'' પદ રચના કોની છે ?
(A) કવિ પ્રીતમદાસ (B) મણિશંકર રત્નજી ભટ્ટ (C) દામોદર ખુશાલદાસ બોટાદકર (D) નરસિંહ મહેતા

(4) ભારતની સંઘીય કાર્યપ્રણાલીનો ઉલ્લેખ ભારતના સંવિધાનના કયા ભાગમાં કરવામાં આવેલ છે ?
(A) 6 (B) 4 (C) 5 (D) 2

(5) વર્લ્ડ બોકસિંગ ચેમ્પિયનશીપમાં 51 Kg. કેટેગરીમાં કયા ભારતીય દ્વારા બ્રોન્ઝ મેડલ જીતવામાં આવેલ છે ?
(A) સુખદેવ (B) નિશાંત દવે © હુસામુદ્દીન (D) દિપક ભુરિયા

(6) હિંદની પ્રજાને સ્વાતંત્ર્ય ચળવળમાં સક્રિય કરવા માટે ગાંધીજીએ ભારતમાં સૌ પ્રથમ કયું અંગ્રેજી અખબાર શરૂ કર્યું ?
(A) યંગ ઈન્ડિયા (B) યૂથ ઈન્ડિયા © વર્તમાન ભારત (D) ચળવળ

(7) હિમાલય પર્વતમાલા કયા (Age) સમયમાં બનેલું છે ?
(A) સતયુગ (B) આર્ચિયન યુગ (C) જુરાસિક યુગ (D) ટર્શિયરી યુગ (Tertiary)

(8) કઈ વૈજ્ઞાનિક અસરને લીધે આકાશના તારા ટમટમતા દેખાય છે ?
(A) પ્રકાશનું પ્રકિર્ણન (B) પ્રકાશનું વક્રિભવન (C) પ્રકાશનું વિવર્તન (D) પ્રકાશનું વિભાજન

(9) ભારતમાં સમગ્ર રાષ્ટ્રીય ઉત્પાદનમાં ઉદ્યોગોનો ફાળો કેટલા ટકા છે ?
(A) 25% (B) 29% (C) 32% (D) 39%

(10) ભારતના બંધારણમાં નાગરિકની મૂળભૂત ફરજોનો સમાવેશ કયા ભાગમાં કરવામાં આવેલ છે?
(A) ભાગ - 3 (A) (B) ભાગ - 5 (A) (C) ભાગ - 4 (A) (D) ભાગ - 6 (A)

(11) 'ભારતરત્ન' સન્માનિત પ્રથમ મહાપુરુષ કોણ હતા ?
(A) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (B) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્
(C) મહાદેવભાઈ દેસાઈ (D) લાલબહાદુર શાસ્ત્રી

(12) નીચે પૈકી કયા કાર્યક્રમમાં ઈન્ટરેક્ટીવ બૉર્ડનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) પ્રજ્ઞા અભિગમ (B) બાલ પ્રૉજેક્ટ (C) વર્ચ્યુઅલ ક્લાસરૂમ (D) જ્ઞાનકુંજ પ્રૉજેક્ટ

(13) માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવતો યુનિક આઈ.ડી. (UID) નંબર કેટલા અંકનો હોય છે ?
(A) 14 (B) 16 (C) 18 (D) 19

(14) ભારતીય બંધારણમાં શિક્ષણ કઈ યાદીનો વિષય છે ?
(A) કેન્દ્ર યાદી (B) રાજ્ય યાદી (C) સંયુક્ત યાદી (D) જિલ્લા યાદી

(15) ઈન્સ્યુલિન અંતઃસ્ત્રાવનું ઉત્પાદન શરીરના કયા અંગમાં થાય છે ?
(A) જઠર (B) સ્વાદુપિંડ (C) નાનું આંતરડું (D) મગજ

(16) હૉકી વિશ્વકપ (પુરુષ) - 2023 કયા દેશમાં યોજાયો હતો ?
(A) ભારત (B) જાપાન (C) ફ્રાન્સ (D) બ્રાઝિલ

(17) વિશ્વનું સૌથી મોટું ખનિજતેલ શુદ્ધિકરણ સંકુલ ક્યાં આવેલું છે ?
(A) જામનગર (B) અંકલેશ્વર (C) દિગ્બોઈ (D) દહેરાદૂન

(18) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2023-24 માં રાજ્યની માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે મોકલવામાં આવેલ શૈક્ષણિક પ્રવૃત્તિ કેલેન્ડર મુજબ વૅકેશન સહિત કેટલા દિવસની

TAT- HS 2023 QUETION PAPER

(1) 'સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓના રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની જોગવાઈ ભારતના સંવિધાનની કઈ કલમમાં દર્શાવવામાં આવી છે ?'
(A) 51. ક (ક) (B) 51. ક (A) (C) 51. ક (ડ) (D) 51. ક (ગ)

(2) ભારતીય સંવિધાનના ભાગ-૪માં 'રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો' ની જોગવાઈ કઈ કલમથી ક્યાં સુધીની કલમમાં કરવામાં આવેલ છે ?
(A) 36 થી 45 (B) 35 થી 48 (C) 34 થી 50 (D) 36 થી 51

(3) દરિયાના જળનું ઘનત્વ (Density) વધતું જાય છે, તેમ તેમ.....
(A) ઉંડાણ અને ખારાશ ઘટે છે. (B) ઉંડાણ વધે છે અને ખારાશ ઘટે છે.
(C) ઉંડાણ ઘટે છે અને ખારાશ વધે છે. (D) ઉંડાણ અને ખારાશ વધે છે.

(4) ભારતની પ્રાચીનતમ ફુટબૉલ ટૂર્નામેન્ટ કઈ છે ?
(A) સંતોષ ટ્રાફી (B) ડૂરંડ કપ (C) રોવર્સ કપ (D) આઈ. એફ. એ. શીલ્ડ

(5) હડપ્પા સંસ્કૃતિના પ્રમુખ સ્થળ 'લોથલ'ની શોધ કોણે કરી હતી ?
(A) વી.ડી. શર્મા (B) યજ્ઞદત્ત શર્મા (C) એસ. આર. રાવ (D) પ્રૉ. સુરજભાન

(6) વધારે મેહસુલ પ્રાપ્તિ માટે કરવેરા ઉઘરાવવાના સંદર્ભમાં વિકાસના હેતુથી કયા કાળને પ્રમુખ માનવામાં આવે છે ?
(A) મોર્યકાળ (B) ઉત્તર વૈદિકકાળ (C) ગુપ્તકાળ (D) છઠ્ઠી શતાબ્દિ ઈસ્વી. પૂર્વ

(7) પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ માટે લંબાવેલી મુદ્દત, શાળાના શૈક્ષણિક વર્ષ શરૂ થયાથી કેટલા મહિના સુધીની રહેશે ?
(A) ૫ મહિના (B) ૩ મહિના (C) ૯ મહિના (D) ૬ મહિના

(8) રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 માં સામાજિક અને આર્થિક રીતે પછાત વિસ્તારો માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકનો રેશિયો કેટલો નિર્ધારિત કરેલ છે ?
(A) 30:1 (B) 35:1 (C) 25:1 (D) 20:1

(9) રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 માં નેશનલ ક્યુરીક્યુલમ ફ્રેમવર્કને કેટલા વર્ષમાં રીવાઈઝડ અને અદ્યતન રાખવાની ભલામણ કરવામાં આવેલ છે ?
(A) પાંચ વર્ષ (B) ત્રણ વર્ષ (C) આઠ વર્ષ (D) પ્રતિવર્ષ

(10) 'જ્યાં સુધી માતૃભાષા (ગુજરાતી)ને હું ઉચ્ચ સ્થાન પર નહીં મૂકું ત્યાં સુધી હું પાઘડી નહીં બાંધુ' એવું કોણે કહ્યું હતું ?
(A) કવિ પ્રેમાનંદ (B) કવિ નર્મદ (C) કવિ કલાપી (D) કવિ સુન્દરમ્

(11) 'વિશ્વ વસતી દિન' ક્યારે ઉજવવામાં આવે છે ?
(A) 11 ઑગસ્ટ (B) 11 ઓક્ટોબર (C) 11 જૂન (D) 11 જુલાઈ

(12) આગામી ઑલીમ્પીક કઈ જગ્યાએ યોજાનાર છે ?
(A) જાપાન (ટોક્યો) (B) ચીન (શાંઘાઈ) (C) ફ્રાન્સ (પેરીસ) (D) ઇંગ્લેન્ડ (લંડન)

(13) નવી ખાનગી માધ્યમિક શાળાની મંજૂરી કોણ આપે છે ?
(A) જિલ્લાશિક્ષણાધિકારી (B) નિયામક, શાળાઓની કચેરી
(C) શિક્ષણ સચિવ - શિક્ષણ વિભાગ (D) ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બૉર્ડ

(14) 'મારે ટોડલે બેઠો રે મોર' ગીતને કોણે ચિરસ્મરણીય કર્યું ?
(A) દમયંતી બરડાઈ (B) મીનાબેન પટેલ (C) દિવાળીબેન ભીલ (D) ગીતાબેન રબારી

(15) ભારતનું કયું નગર 'સિલિકોન વેલી' તરીકે જાણીતું બન્યું છે ?
(A) દિલ્લી (B) મુંબઈ (C) કલકત્તા (D) બેંગલુરૂ

(16) હાલમાં ગુજરાતમાં વર્લ્ડ બેંકના વડા તેમજ અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરીએ નીચે પૈકી કઈ શૈક્ષણિક સંસ્થાની મુલાકાત લીધી હતી ?
(A) જી.સી.ઈ.આર.ટી. (B) વિદ્યા સમીક્ષા કેન્દ્ર (C) ગુજરાત યુનિવર્સિટી (D) આયુર્વેદ યુનિવર્સિટી

ગુજરાતનું મંત્રી મંડળ

તા.૧૭ – ૧૦ – ૨૫ ના રોજ જાહેર થયેલ

ક્રમ	નામ	વિષય ફાળવણી
૧.	શ્રી ભૂપેન્દ્ર રજનીકાન્ત પટેલ	મુખ્યમંત્રીશ્રી , સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા, તાલીમ અને આયોજન, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન અને પાટનગર યોજના, નર્મદા અને કલ્પસર, ખાણ અને ખનિજ, બંદરો, માહિતી અને પ્રસારણ, તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય ન ફાળવેલ વિષયો
૨.	શ્રી હર્ષ રમેશકુમાર સંઘવી નાયબ મુખ્યમંત્રી	ગૃહ અને પોલીસ હાઉસીંગ, જેલ, નાગરિક સંરક્ષણ, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, સરહદી સુરક્ષા, નશાબંધી અને આબકારી, વાહનવ્યવહાર, કાયદો અને ન્યાયતંત્ર, રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ, નાગરિક ઉડ્ડયન
		કેબીનેટ મંત્રીશ્રીઓ
૩.	શ્રી કનુભાઇ દેસાઇ	નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ
૪.	શ્રી જીતુભાઈ વાઘાણી	કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન,
૫.	શ્રી ઋષિકેશભાઇ પટેલ	ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ,પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ,સંસદીય બાબતો
૬.	શ્રી કુંવરજીભાઇ બાવળીયા	શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ
૭.	શ્રી નરેશભાઈ પટેલ	આદિજાતી વિકાસ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ
૮.	શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા	વન અને પર્યાવરણ, ક્લાઇમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી
૯.	ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા	સામાજિક ન્યાય અને અધિકારિતા, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ
૧૦.	શ્રી રમણભાઈ સોલંકી	અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો
		રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ
૧૧.	શ્રી ઈશ્વરસિંહ પટેલ	જળસંપત્તિ, પાણી પુરવઠા (સ્વતંત્ર હવાલો)
૧૨.	શ્રી પ્રફુલ્લભાઇ પાનસેરીયા	આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ (સ્વતંત્ર હવાલો), પ્રોટોકોલ
૧૩.	ડૉ. શ્રીમતિ મનીષા	મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો), સામાજિક ન્યાય અને અધિકારિતા
૧૪.	શ્રી પરષોત્તમ સોલંકી	મત્સ્યોદ્યોગ
૧૫.	શ્રી કાંતિલાલ અમૃતિયા	શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર
૧૬.	શ્રી રમેશભાઈ કટારા	કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન,ગૌસંવર્ધન
૧૭.	શ્રીમતિ દર્શનાબેન વાઘેલા	શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ
૧૮.	શ્રી કૌશિકભાઈ વેકરીયા	કાયદો અને ન્યાયતંત્ર, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતો
૧૯.	શ્રી પ્રવિણકુમાર માળી	વન અને પર્યાવરણ, ક્લાઇમેટ ચેન્જ,વાહનવ્યવહાર
૨૦.	ડૉ. જયરામભાઈ ગામીત	રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ, નાગરિક ઉડ્ડયન
૨૧.	શ્રી ત્રિકમભાઈ છાંગા	ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ
૨૨.	શ્રી કમલેશભાઈ પટેલ	નાણાં, પોલીસ હાઉસીંગ, જેલ, નાગરિક સંરક્ષણ, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, સરહદી સુરક્ષા, નશાબંધી અને આબકારી
૨૩.	શ્રી સંજયસિંહ મહીડા	મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ
૨૪.	શ્રી પૂનમચંદ બરંડા	આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠા, ગ્રાહકોની બાબતો
૨૫.	શ્રી સ્વરુપજી ઠાકોર	ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ,
૨૬.	શ્રીમતિ રિવાબા જાડેજા	પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ